પત્ર પ્રવેશ.

દોહરો.

પ્રેમે પત્ર પ્રવેશ તું, જા વસ્તી મોઝાર;
માન વધારી માન્ય થા, ઘર ઘરનો શણગાર.

લખનાર.

મોતીરામ ગાંગજી અંજારિયા.



અમદાવાદઃ

"યુનિયન" પ્રીન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ

સંવત ૧૯૫૯. સને ૧૯૦૩.

મૂલ્ય આઠ આના.

અર્પણપત્રિકા.

વિવેક સાગર સર્વ ગુણ સંપન્ન શેઠ શ્રી

ખીમજીભાઇ ચાંપસિંહ ભારમલ–શાહ

નિવાસ દેશલપુર (કચ્છ કાંઠી.)

સવૈયા એકત્રીસા.

ચંપા ભારે જગમાં ખીલ્યા સુગંધી પુષ્પો સાથ ભરેલ,
ભિડાભિડ કરતા જન ઉપર ખુશબો લેવા હોંસ ધરેલ;
એવી સુગંધ મહિંથી થઇને વાયૂ કરતો દોડાદોડ,
પ્રસરાવીને સુગંધ તેની સહુ જનને ઉપજાવે કોડ. ૧
એ ચંપા ભારે ચિંતામાં ચંપો ભારા ખીલ્યા જોઇ,
ગુણી સુગંધી નિજથી વધતી લોક ભીડ પણ એને મોહી;
વાયૂ પણ એની કીર્તિની સુવાસ પ્રસરાવે છે ખૂબ,
ચાંપસીં ભારાથી ચમકીને ચંપા શરમાયા મગરૂબ. ૨
છોટપણે વેપારે ચડયા મોટપણાની રાખી આંટ,
શાહપણાની સાખ ધરાવી તોપણ બેઠા થઇ નહિ શાંત;
કવિ કોવિદો નજરે ભાળી ઉત્તેજન દેતા ભરપૂર,
વિદ્યા વૃદ્ધિ માટે મથતા તન મન ધનથી જોપે શૂર. ૩
દેશી જન સુધરે કઇ રીતે સહુ સુખ સંપતિ પામે કેમ,
ચિંતા ચિતમાં નિશદિન એવી સુધારના દેશીને એમ;
દેશીની દાઝો ધરનારા ચંપા સ્વર્ગે વિચર્યા જોઇ,
ચાંપસીં ભારા, ચાંપસીં ભારા ઝળક્યું નામ જગતમાં સોહી. ૪

હરિગીત છંદ.

એવા સુધારક ચાંપસીંના, રત્ન ખીમજી ભાઇ છો,
નથિ ઉર વિષે અભિમાન જરિયે પૂર્ણ ગુણ ગંભીર છો;
રાખી રહ્યા છો આંટ ઊંચી અગ્રેસર વેપારમાં
પેઢી પરાપર નિપુણતાથી જશ ભર્યા વ્હેવારમાં. ૫

સવૈયો.

માન વડું જગમાંહિ ચડયું પણ માન નહિ મનમાંહિ ધરો છો,
દાન સદા જન ઊંચું કથે પણ દાન તણો નવ ગર્વ કરો છો;
નિંદક કો મન માન્યું કથે પણ આપ ન નિંદક દાવ ભરો છો,
શેઠતણું પદ ઊંચું મળ્યું પણ મોતી પ્રત્યે મિત્ર ભાવથી રો'છો. ૬

દોહરા.

મુંબઈમાં વેપારિયો, ઝળહળતાજ જણાય;
તેમાં કચ્છી રત્ન છે, જગમાં એમ મનાય. ૭
એ રત્નોમાં એક છો, ખીમજી ચાંપસી શેઠ;
તે માટે આ ગ્રંથમાં, નામ ધર્યું છે નેટ. ૮

કવિત.

હદીઆની છાબ ભરી, માંહી વસ્ત્ર મૂકી કરી,
મોટા પાસે શેઠ મૂકે, કમાઈ બતાવવા;
ફૂલેલ સુગંધી ફૂલ, મન માન્યાં પાકાં ફળ,
મોટા પાસે માળી મૂકે, બગીચો બતાવવા;
કસબી કસબ તણી, ચાતુરીની ચીજો ઘણી,
મોટા પાસે લાવી મૂકે, હુન્નર બતાવવા;
લેખકનો એવો પંથ, પ્રીતથી ગૂંથેલ ગ્રંથ;
ગ્રંથ મૂકે મોતી કહે, જ્ઞાનને બતાવવા. ૯

સોરઠો.

અચળ પ્રેમ ધરનાર, ભેટ ભલી મમ હસ્તની;
અર્પું આ સંભાર, સ્વસ્તિ વાચક પત્રની. ૧૦

માહ શુદ ૫ સોમે
સં. ૧૯૫૯ તા. ૨-૨-૦૩

મોતીરામ ગાંગજી અંજારિયા.
લોવરવંશી ગણાત્રા

પ્રસ્તાવના.

રૂબરૂ નહિ પણ છેટે રહી, એક બીજા સાથે કામ-કાજ સંબંધી વાતો કરવાનું કામ જેટલા પત્ર કરે છે, તેનાં મૂળતત્ત્વોનો સમાસ આમાં કર્યો છે. દરેક બાબત નમુના માટે જોડી ઊભી કરી છે, તેના ચાર ભાગ પાડયા છે.

પહેલા ભાગમાં જુદી જુદી જાતની, તેર ચીઠીઓનો સમાસ અર્થ સાથે કર્યો છે. બીજા ભાગમાં જે પત્રોના શરૂઆતમાંજ "સ્વસ્તિ" એવો શબ્દ આવે છે, તેવા પત્રોનો સમાસ કર્યો છે, અને તેની સમજણ વિસ્તાર સાથે આપી છે. ત્રીજા ભાગમાં મુસલમાની પત્રો સમજ સાથે લખ્યા છે, કે જે પત્રો વિષે હિંદુ ચોપડીઓએ પહેલાં ઈશારો કર્યો હોય, એવું જાણવામાં આવ્યું નથી. ચોથા ભાગમાં લોકલ અરજીઓમાં, મથાળાં નીચેની કલ્પિત વિગત નમુના માટે આપી છે.

ઉપરના ભાગોમાં જોયાથી ખાત્રી થશે, કે આ ચોપડી શિખવામાં અનુકૂળ પડે, તેવા ક્રમથી લખાએલ છે, માટે પૃષ્ઠ પછી પૃષ્ઠ, મનન કરી આગળ વધતા જાઓ.

તા. ૨ — ૩ — ૦૩
તિથિ માહા શુદ ૫ સં. ૧૯૫૯

લી૦
મોતીરામ ગાંગજી.
અંજારિયા.

પત્ર પ્રવેશનું સાંકળિયું.

ભાગ ૧ લો ચીઠીઓ.

ભાગ ૨ જો સ્વસ્તિ વાચક પત્રો

૧ કાગળ બાબત.

ભાગ ૩ જો મુસલમાની પત્રો

ભાગ ૪ થો લોકલ અરજીઓ

પત્ર પ્રવેશ.

આમાં પત્રના ચાર ભાગ કર્યા છે.

૧ ચીઠીઓ. ૨ સ્વસ્તિ વાચક પત્રો.
૩ મુસલમાની પત્રો. ૪ લોકલ અરજીઓ.

ભાગ ૧ લો.

ચીઠીઓ.

એકજ ગામમાં, અથવા નજીકના સ્થાનમાં, કોઇને લખીત ટૂંકી સૂચના કરવામાં આવે; તેને ચીઠી કહે છે.

૧ મિત્ર પાસે ચોપડી મંગાવવાની ચીઠી.

સ્નેહ સાગર ફૂલશંકર ગુલાબરાય.

વિનતિ એ છે જે:—તમારી પાસે કચ્છી લેખાંની ટૂંકી ને સરળ નોટ છે, તે આ ચીઠી લાવનાર સાથે મોકલાવશો. હું તેમાંથી પાંતીના હિસાબની રીતો ઉતારીને પાછી મોકલાવી આપીશ. એજ વિનતિ.

આસો શુદ ૮ રવેઉ. લી. મિત્ર,

સં. ૧૯૫૦. **નવલરામ ઉમેદરામના સ્નેહ સાથે પ્રણામ વાંચશો.**

અર્થ—સ્નેહ=હેત. સાગર=દરિયો. વિનતિ=અરજ. સરળ=સહેલી. નોટ=ટૂંકી નોધ. નોટનો બીજો અર્થ નાણું મળે, તેવી સરકારી ચીઠી. પંતી=બાગ. શુદ=અજવાળિયું પખવાડિયું. વદ=અંધારિયું પખવાડિયું. સંવત્=વિક્રમ રાજાનું વર્ષ. કચ્છમાં આષાઢ શુદ ૨ થી વર્ષ બદલાય છે, ગુજરાત મુંબઈ વગેરે ઠેકાણે કાર્તિક શુદ ૨ થી વર્ષ બદલાય છે. લી=લખીતંગ. મિત્ર=દોસ્તદાર. પ્રણામ=નમસ્કાર.

૨ ઉપલી ચીઠીનો ઉત્તર.

પ્રિયભાઈ શ્રી નવલરામ ઉમેદરામ.

પ્રણામ સાથે લખવાનું કે,—આપના લખવા મુજબ સદરહુ લેખાંની નોટ મોકલી છે. તેમાંથી સમજ સાથે ઊતારો લેઈ પાછી તે વેળાસર મોકલાવશો, કે જેથી મને અટકી રહેવું ન પડે. એજ વિનતિ.

મિતિ. લી. સ્નેહી

આસો શુદ ૮ રવિ. ફૂલશંકર ગુલાબરાયના પ્રણામ.
સં. ૧૯૫૦.

અર્થ—પ્રિય=વહાલા. સદરહુ=ઉપર કહી તેજ. મજ-કુર=ઉપર કહેલ તેજ. વેળાસર=વખતસર. મિતિ=તિથિ, તારીખ. સદર=ઉપર લખેલ તેજ. સ્નેહી=વહાલ રાખનાર.

---

૩ રજા પૂરાવવાની ચીઠી.

મહેરબાન મહેતાજી સાહેબ,

હરિલાલ રામજીની સેવામાં.

વિનતિ કે,—મ્હારા ભાઈના લગ્ન સબબે, મ્હારાથી સ્કૂલમાં પાંચ રોજ આવી શકાશે નાહ; માટે આજથી કૃપા કરી હાજરીમાં મ્હારી રજા પૂરશો. એજ અરજ.

તા. ૭-૧૦-૯૪ લી. વિદ્યાર્થી,

ધરવી. કરૂણાશંકર વેણીશંકરના પ્રણામ.

અર્થ—મહેરબાન=દયાવાળા. સેવા=ભક્તિ. લગ્ન=પરણવું. સબબ=કારણ. કૃપા=મહેરબાની. હાજરી=હાજરની નોંધ. અરજ= વિનતિ. તા.=તારીખ. ઈસ્વી=ઇસુનું વર્ષ. વિદ્યાર્થિ=ભણતા છોકરા.

---

૪ મહેતાજીને સૂચનાની ચીઠી.

રા. મહેતાજી સાહેબ.

હરિલાલ રામજીભાઇ,

લખવાનું કે,—ચિ. હીરજી હવેથી ઘેર પણ દરરોજ લખવા વાંચવાનું કામ ઠીક કરે છે, તે જોઈ મને આનંદ થયો છે; અને એને પ્રાઇવેટ અભ્યાસ માટે શિક્ષકની જરૂર છે, તો તે વિષેની સલાહ માટે, હું આપને મળીશ.

તા. ૭-૧૦-૯૪ લી.

તાપીદાસ ઓચ્છવદાસના પ્રણામ.

અર્થ—રા.=રાજ્યશ્રી. સાહેબ=અંગ્રેજ લોક, પણ હાલ તો તે બધાને માટે માન વાચક શબ્દ થઇ પડયો છે. પધારજો=આવજો. ચિ.=ચિરાયુ=લાંબા આયુષ્યવાળો. ઠીક= બરોબર. આનંદ=ખુશી, પ્રાઈવેટ=ખાનગી. અભ્યાસ=ભણવાનો મ્હાવરો. શિક્ષક=શિખાડનાર. જરૂર=ખપ. સલાહ= મસલત, ગોઠવણ. સંધ્યાકાળ=સાંજે આથમતો વખત. દિવસ અને રાતની સંધિ કરનારો વખત તે સંધ્યાકાળ.

---

૫ આમંત્રણની ચીઠી ૧ લી.

આજમ મહેરબાન રા. વહીવટદાર સાહેબ,

ઝવેરીલાલ મોતીલાલની સેવામાં.—

સલામ દીગર અરજ એ છે કેઃ—અમારી જગ્યા નવાપરામાં જે છે; તે સ્થળે બંગલો બંધાવવાનો વિચાર છે.

તેના ખાત મુહૂર્તની ક્રિયા આસો શુદ ૯ સોમવારને રોજે સવારના નવ વાગે થશે. તે પ્રસંગે શોભામાં વૃદ્ધિ કરવા, આપ પધારવા કૃપા કરશો. એજ અરજ.

આસો શુદ ૮ રવેઉ. લી. આભારી,
સં. ૧૯૫૦. છગનલાલ મગનલાલના સલામ સ્વિકારશોજી.

અર્થ—દરેક ખાતાના ઉપરીને બે રા. અને તે સિવાયનાને એક રા. લખાય છે. આજમ=મોટા. વહીવટદાર=વહીવટ કરનાર, તાલુકાની જમાબંધી ઉઘરાવનાર અધિકારી. સલામ=નમસ્કાર. દીગર=બીજું, મતલબ કે પહેલી સલામ પછી બીજી અરજ. આમંત્રણ=બોલાવવાનું તેડું. પરૂં=ગામ બહાર તેની જોડમાં વસેલો વાસ. સ્થળે=જગોએ. બંગલો=ચો ઢાળિયું ઘર. વિચાર=મનસુબો. ખાત મુહૂર્ત=પાયો નાંખવાનું મુહૂર્ત. ક્રિયા=વિધિ. રોજે=દિવસે. પ્રસંગે=વખતે. વૃદ્ધિ=વધારો. આભારી=ગુણ માનનારો. સ્વિકારશો.=કબૂલ કરશો.

રા.=(રાજ્યશ્રી)=રાજ્યની લક્ષ્મીવડે શોભતા.
રા. રા.=(બીજો રા.=રાજ્યમાન")=રાજ્યને માનિતા.

---

૬ આમંત્રણની ચીઠી ૨ જી,

મહેરબાન શેઠજી સાહેબ,
જમશેદજી પેસ્તનજી.
સાહેબજી,

અમારા ચિ. ભાઇ વલ્લભદાસના લગ્નની ખુશાલી નિમિત્તે, આજે સવારના નવ વાગે સદ્ગૃહસ્થ મંડળ મળવાનું છે; તો આપ તે પ્રસંગની શોભામાં વૃદ્ધિ કરવા પધારશો. એજ વિનતિ.

આસો શુદ ૮ રવેઉ. લી. સેવક
સંવત ૧૯૫૦. રેવાશંકર ગુલાબશંકરના
સલામ સ્વિકારશોજી.

અર્થ—લખાણમાં કેટલાક પુત્રને છોરૂ લખે છે. છોરૂ લખવું એ ઉત્તમ નથી, માટે ચિ. લખવું. નિમિત્ત=કારણે. સદ્ગૃહસ્થ=સારા માણસ. મંડળ=સભા. સેવક=દાસ.

---

૭ કામકાજની ચીઠી.

મોદી બહેચરદાસ વીરજી.

જત, દસ્તૂર મુજબ સીધાં પાંચ અમારીવતી, રામાનદી સાધુ ગોપાળદાસને આપજો. મિતિ આસો શુદ ૮ વાર રવેઉ. સં. ૧૯૫૦. લી.

ઠા. પ્રેમજી નથુના પ્રણામ.

અર્થ—મોદી=સીધું સામાન વગેરે વેચનાર. દસ્તૂર=રીત. મુજબ=પ્રમાણે. સીધું=રસોઇ માટે વસ્તુઓ. સાધુ=વૈરાગ્ય ધારણ કરનાર.

---

૮ હુવાલાની ચીઠી.

પરી. હેમચંદ પ્રેમચંદ, જોગ લી. સંઘવી હીરાચંદ ઝવેરચંદ, જત, અમારી વતી રાસાઇકોરી ૧૦૦) અંકે એકસો પૂરી, દોશી પેરાજ જેરાજને આપજો. મિતિ આસો શુદ ૮ વાર રવેઉ સં. ૧૯૫૦. લી. સંઘવી હીરાચંદ ઝવેરચંદના જુહાર વાંચશો.

અર્થ:—હવાલો=નાણું અપાવવાની ચીઠી. જોગ=ને. જત=જે, બીજું. વતી=વડીએ. રાસાઇ=રાવની છાપની. પરી=પારખનાર. સંઘવી=સંઘ કાઢનાર. દોશી=કાપડ વેચનાર, વાણિયાઓમાં એ અડકો છે. અંકે=આંકડામાં. પૂરી=બરાબર. જુહાર=નમસ્કાર.

૯ દીકરા ઉપર બાપ લખે છે.

અંગ્રેજી રિવાજ પ્રમાણે કાગળના મથાળા પણ ચીઠીની ગોઠે લખાય છે. ફેર માત્ર એટલોજ કે-લખનાર, મથાળે પોતાનું ગામ અને તારીખ લખે છે. નમુનો નીચે પ્રમાણે.

અંજાર, તા. ૭-૧૦-૯૪.

ચિ. મનસુખ વર્ધક, પ્રાણથી અધિક
પ્રિય નરોત્તમદાસ પુરૂષોત્તમદાસ—

મુ. મુંબઇ બંદર.

આશિષ સાથે લખવાનું કે,—તમારો ગઇ તા. ૩ જી નો લખેલ કાગળ આજે પહોંચ્યો. વાંચી વિગત જાણી તમે તમારી મોટી માતુશ્રીની (દાદીની) સેવા વિષે લખ્યું, તેથી તમારાં સદાચરણ પ્રકાશી નીકળે છે. માતુશ્રીની સેવામાં હમેશ તત્પર રહેજો. આપણું ધન્ય ભાગ્ય છે કે, પૂજ્ય માતુશ્રીની સેવા કરવાનો સમય મળ્યો છે. તેમના ગુણના ઋણથી છૂટાય તેમ નથી; તોપણ તેઓ પ્રસન્ન થઇ ચડેલ ઋણની માફી બક્ષે, એવે રસ્તે આપણે વર્ત્તીએ છીએ ને વર્ત્તીશું. જેઓને પોતાનાં માબાપની ભક્તિની જુક્તિ કરવાનો સમય મળ્યો નથી, તેમને આપણે અભાગ્યા સમજીએ છીએ; તો પછી જીવતે માબાપે જે સેવા ન કરે, તેનું તો મોઢું જોવાનો પણ ધર્મ નથી. માતુશ્રીને અમારા પગેલાગણા કહેજો, અને તેમનો અત્રે આવવાનો વિચાર થાય, ત્યારે સારા સાથ સાથે રવાના કરી દેજો.

તમે તમારૂં કામ ઘણી ખબરદારી તથા લાયકીથી કરોછો, એવા સમાચાર સાંભળી, અમે ઘણા ખુશી થયા છીએ. હમેશ માણસ જાતે લાખની દરકાર ન રાખતાં, સાખની દરકાર રાખવી; કારણ કે સાખ એ ઉમદું રત્ન છે, તેનાં કિરણો ચોપાસ ફરી વળે છે, અને સઘળાઓ તેને ઇચ્છે છે.

મુંબઇના સોનેરી ટોળીવાળાઓ, અને ગંઠીછોડાઓ, તથા લફંગા માણસો વિષે, ક્યારે ક્યારે તરેહવાર વાતો સંભળાય છે. તેવાઓને ઊંડા ઉતર્યા સિવાય પારખી કાઢવા મુશ્કેલ છે, એવા અજાણ્યા માણસોથી ડરતા દૂર રહેજો, અને સાલસ માણસોનો સહવાસ રાખજો.

સહવાસીઓ સાથે તમારી શુભ ચાલ મુજબ હમેશ નમનતાઇ, અને વિવેકથી વર્ત્તતા રહેજો. "કોઇને કદી ભારે વચન કહેવું નહિ." એ શિખામણ ચિત્તમાં ચોડી રાખો છો, ને રાખજો.

અત્રે અમે સૌ ખુશીમાં છીએ. તમારી ખુશાલીના પત્ર લખતા રહેજો, અને તનદુરસ્તી જાળવવા પર કાળજી રાખતા રહેજો. તમારી માતુશ્રીની આશિષ વાંચજો, તથા ચિ. મગન તથા દામોદરના પગેલાગણાં વાંચજો એજ તારીખ સદર.

લી૦ શુભેચ્છક.

પુરૂષોત્તમદાસ તુલશીદાસની આશિષ વાંચજો.

અર્થ:—નમુનો=નકલ. મનસુખ વર્ધક=મનના સુખને વધારનાર. પ્રાણથી અધિક પ્રિય=જીવથી વધારે વહાલા. મુ.=મુકામ, ઠેકાણું. વિગત=હેવાલ. પ્રકાશી=ઝળકી, જાગી. તત્પર=તૈયાર, હાજર. ધન્યભાગ્ય=મોટું નશીબ. પૂજ્ય=પૂજા કરવા જોગ. સમય=વખત. ઋણ=દેવું. પ્રસન્ન=ખુશી. બક્ષે=આપે. વર્ત્તીશું=ચાલીશું. ભક્તિ=સેવા. જુક્તિ=તદબીર. અભાગ્યા=નશીબ વગરના. સાખ=સાક્ષી. (સ+અક્ષિ+ઇ)=આંખથી જોઈ મત આપનાર એવો આબરૂદાર. ઉમદું=ઊંચું. કિરણ=શિખાઓ. ઇચ્છે=ચાહે. સહવાસ=સાથે વસવું તે. શુભેચ્છક=સારૂં ઇચ્છનાર. આશિષ=આશિર્વાદ. તનદુરસ્તી=શરીરની આરોગ્યતા. જાળવવી=સાચવવી. કાળજી=ચેટક.

૧૦ કાળોત્રી.

કાળોત્રી, મેલો, અગર માઠી ખબરની ચીઠી એની ચોમેર કાળા લીટા કરાય છે. અને બહારના સરનામાપર "અશુભ પત્ર" એમ લખાય છે. સ્વસ્તિ વાચક પત્રની જોડે મથાળું લખી, કેટલાક મેલો લખે છે, એ બરોબર નથી. મરણના ખબર હેતી વખતે, શુભ માનવાચક શબ્દોની સાથે, ખેદયુક્ત અશુભ સમાચાર શોભતા નથી.

> પ્રેમપુર મધ્યે શા. પ્રેમજી દેવજી, જોગ મોહનપુરથી લી. શા. મોહનજી કેશવજી, જત અમારા પિતા કેશવજી આસો શુદ ૭ ને વાર શનેઉની સાંજે, ચાર વાગતે, તાવની બિમારીને લીધે દેવશરણ થયા છે;એ ઘણી માઠી વાત બની છે, પણ એમાં આપણું કશું ચાલતું નથી. જે દુઃખ માણસને માથે પડે, તે કર્મપર વિશ્વાસ રાખી સહન કરવું જોઇએ; માટે જે ધર્મ કરશે, તે પાર ઉતરશે. એજ, આસો શુદ ૮ રવેઉ સંવત્ ૧૯૫૦.

અર્થ:—કાળોત્રી=કાળનો પત્ર. એથી ઉલટો શબ્દ કંકોત્રી. બિમારી=મંદવાડ. દેવશરણ=દેવને આધીન. સહન=સહેવું.

---

૧૧ પરોજણની ચીઠી.

શ્રી પ્રેમપુર મધ્યે શા. પ્રેમજી દેવજી, જોગશ્રી મોહનપુરથી લી. શા. મોહનજી કેશવજીના જુહાર વાંચશો. જત અમારા પિતા કેશવજી, આસો શુદ ૭ ને વાર શનેઉના દેવશરણ થયા છે, તેનું કારજ આસો વિદ ૩ બુધેનું છે; તે ઉપર આવજો. આસો શુદ ૧૪ શનેઉ સંવત ૧૯૫૦.

અર્થ:—કારજ=ઉત્તર ક્રિયા=પરોજણ.

વિશેષ.

આઠમી, નવમી, ને દશમી કલમ પરગામ માટે છે, છતાં તેનો સમાસ આ ભાગમાં કર્યો છે; કારણ કે લખાવટપર લક્ષ ખેંચ્યો છે. વાયદાચીઠી, ભાડાચીઠી વગેરે, ચીઠીઓનો લખતમાં સમાસ થાય છે, તે લખતમાં જુઓ.

---

૧૨ સર્ટિફિકેટ નં ૧.

દરેક માણુસે સારૂં કામ કરી, અંતે સર્ટિફિકેટ મેળવવાને લાયક થવું; કારણુ કે તે ઉપર ભવિષ્યનું હિત રહેલું છે.

રામશંકર લક્ષ્મીશંકર-ગ્નાતે શ્રીમાળી બ્રાહ્મણુ-ઉમ્મર વર્ષ ૨૫ ની-રહેવાશી મોહનપુરના. એમણે બે વર્ષ પર્યંત અમારા હાથ તળે અવલ કારકૂનની નોકરી, ખબરદારી તથા ચાલાકીથી કરેલ છે. તેઓ પ્રમાણિક અને ગંભીર છે. હાલે તેમનું બીજે સ્થળે જવું થતાં આ કામ છોડયું છે. આશા છે કે તેઓ જ્યાં હશે, ત્યાં ખંત પૂર્વક સારૂં કામ કરશે.

તા. ૭-૧૦-૯૪ **ઝવેરીલાલ મોતીલાલ,**
આસો શુદ ૮ રવિ. સં. ૧૯૫૦ મોહનપુર વહીવટદાર.

અર્થ:—સર્ટિફિકેટ=ખાત્રીપત્ર. ગ્નાત=જાત. શ્રીમાળી=બ્રાહ્મણુની એક જાત છે. પર્યંત=સુધી. તળે=હેઠળ. અવલ=પહેલા, કારકૂન=મહેતો. ખબરદારી=હુશિયારી. પ્રમાણિક=લાયક. ગંભીર=મોટા દિલવાળો. સ્થળ=જગો. ખંતપૂર્વક=હોંસ સાથે.

---

૧૩ સર્ટિફિકેટ નં. ૨.

વિદ્યાર્થિ જેઠા વીરજી, ગ્નાતે લોહાણા, ઉમ્મર વર્ષ આઠની, ગઇ વાર્ષિક પરીક્ષા વખતે તેઓ ગુજરાતી બીજા ધોરણુમાં પાસ થએલ છે, અને હાલે ત્રીજું ધોરણુ શિખે છે. એમનું

પ્રેમપુર જવું થતાં, આ સ્કૂલ છોડી છે, રમતિયાળ છોકરાઓની પેઠે તેઓ સ્વચ્છંદી નથી, પરંતુ ભણવામાં ઉદ્યોગી અને વિવેકી છે. હમેશ એવીજ વર્ત્તણુંકમાં ચઢતા રહેશે, એવી ઉમેદે આ સર્ટિફિકેટ તેમને આપવામાં આવે છે.

તા. ૭-૧૦-૯૪. પ્રેમભાઈ લાલભાઈ,
આસો શુદ ૮ રવેઉ સં. ૧૯૫૦. મોહનપુર સ્કૂલ મહેતાજી.

અર્થ—ઉમ્મર=વય. વાર્ષિક=વર્ષની. પરીક્ષા=તપાસ. પાસ=પસાર થવું, ઊકરવું. સ્વચ્છંદી=પોતાની મરજી પ્રમાણે છંદ કરનાર. પરંતુ=પણ. ઉદ્યોગી=મહેનતુ. વિવેકી=મર્યાદાવાળો. વર્ત્તણુંક=ચાલ. ઉમેદે=આશાએ. લાહોરણા=ઉપરથી લોહાણા મતલબ કે લાહોરથી ઉતરેલા તે લાહોરણા. સ્કૂલોમાં સર્ટિફિકેટની ફી લેવાનો રિવાજ હોય, તો તે પ્રમાણે લેવી.

૧ લો ભાગ પૂર્ણ થયો.

ભાગ બીજો.

સ્વસ્તિ વાચક પત્રો.

સ્વસ્તિ વાચક પત્રના છ પ્રકાર આમાં લખ્યા છે.

૧ કાગળ ૨ કંકોત્રી ૩ હુંડી ૪ પેંઠ ૫ સતમી ૬ બરતિયું.

૧ લખવામાં વપરાતા વિવેકી શબ્દો.

૧ પ્રણામ, પગે લાગણા, સાષ્ટાંગ દંડવત પ્રણામ, એ માંહેલું ગમે તે, છોટા પોતાથી મોટાને લખે છે; અને બીજી હિંદુ નાતો બ્રાહ્મણને લખે છે.

૨ આશિવાદ કે આશિષ—મોટા પોતાથી છોટાને લખે છે, અને બીજી હિંદુ નાતોને બ્રાહ્મણ તેમ લખે છે.

૩ યથા યોગ્ય અથવા ઘટીત—જેને જેમ ઘટે, તેણે તેમ માનવા માટે લખાય છે. શું લખવું તે વિષે શક પડે ત્યારે, અથવા તો બરોબરીઆમાં તેમ લખાય છે. ઘણી વખત સામા માણસના જથાપર પત્ર લખવા પડે છે, ત્યારે પણ તેમ લખાય છે. કારણ કે તેમાં કોઇ ન્હાના હોય, ને કોઇ મ્હોટા હોય.

૪ નમસ્કાર—બરોબરીઆમાં બ્રાહ્મણ, બ્રાહ્મણને લખે છે.

૫ સલામ—સરકારી દરબારી નોકરો, મુસલમાનો, અને પારશીઓ એક બીજાને લખે છે.

૬ જુહાર—બરોબરીઆમાં શ્રાવક, શ્રાવકને લખે છે; અને બોલવામાં જુહાર તથા મુઝરો વાપરે છે.

૭ જે ગોપાળ, જે શ્રી કૃષ્ણ—બરોબરીઆમાં વૈષ્ણવ, વૈષ્ણવને લખે છે.

૮ રામ રામ—બરોબરીઆમાં લોહાણા, સોની, રજપૂત, વગેરે ન્યાતો એક બીજાને લખે છે; અને બોલે છે.

૯ નમો નારાયણ—બ્રહ્મચારી, મઠધારી, અતીત, વગેરે એક બીજાને લખે છે.

૧૦ જય સ્વામિ નારાયણ—સ્વામિ નારાયણના ભક્તો એક બીજાને લખે છે.

૧૧ ધર્મ લાભ—ગોરજીઓ શ્રાવકને લખે છે.

૧૨ કુરનસ સલામ, બંદગી સલામ, દુવા સલામ—એ માંહેનું ગમે તે, મુસલમાનમાં છોટા પોતાથી મોટાને લખે છે.

૧૩ મુસલમાન પારશી સાહેબ લોક, તથા હો-દેદારને—હિંદુઓએ સલામ લખવી.—હિંદુ વિદ્વાનોમાં એક બીજાને પ્રણામ લખવાનો ચાલ વધી ગયો છે.—શ્રા-વકો અને બીજા હિંદુઓ એક બીજાને અરસપરસ યથા યોગ્ય, અથવા ઘટારત લખે તો તે સારૂં છે.

૧૪ ઉપર ના કેટલાક બોલો બોલાય પણ છે.

અર્થ:—સાષ્ટાંગ=અષ્ટ અંગ સાથે. દંડવત=લાકડીની પેઠે. પ્રણામ=નમવું તે, નમસ્કાર. આશિર્વાદ=દુવા દેવી તે, આશિષ. યથા યોગ્ય=ઘટીત=જેમ ઘટે તેમ. સલામ=નમ-સ્કાર. જુહાર=મુઝરો=નમસ્કાર. જે ગોપાળ=ગોપાળની જય. ધર્મ લાભ=ધર્મનું ફળ. કુરનસ=નમસ્કાર. બંદગી=પ્રાર્થના. દુવા=આશિષ.

---

૨ અટકના બોલ.

૧ જોશી:—પંડ્યા—વ્યાસ—મોઢ—ત્રવાડી—વેદાન્ત—ભટ—રાજગોર—વગેરે બ્રાહ્મણોમાં લખાય છે. બ્રાહ્મણોને મહા-રાજ કહે છે.

૨ પરી—માંઉં—મ્હેતા—દોશી—ગાંધી—સંઘવી—શેઠ—શા—વગેરે વાણિયાઓમાં લખાય છે.

૩ જાડેજા—ચાવડા—સોલંકી—પરમાર—સોઢા—ઝાલા—વગેરે રજપૂતોમાં લખાય છે. રજપૂતોને ઠાકોર કહે છે.

૪ ઠા.—(ઠક્કર) લોહાણા અને ભાટિયાઓને લખાય છે.

૫ પટેલ—કે પાટીદાર—કણબીને લખાય છે.

૬ પગી—કોળીને લખાય છે.

૭ સોની—મોચી—સઈ (દરજી)—વગેરે ન્યાતો જાત પ્રમાણે લખાય છે.

૮ વાગડના વીસા વાણિયાઓમાં નામની પહેલાં શા. ન લખાતાં, ભડા, છેડા વગેરે નુખ લખાય છે.

૯ પરચુરણ કામને લગતા અટકવાળા તેનીચે મુજબ. પઢવા=ગાંઠનાર. મોદી=નેસ્તીની દુકાનવાળો.

૧૦ ખત્રી, મેમણ, કાલા, જુણેજા, હજામ, વગેરે મુસલમાનોમાં લખાય છે.

૧૧ દેશીઓમાં નામની પહેલાં અટક લખવાનો રિવાજ છે. અંગ્રેજી રીત પ્રમાણે નામની પછી અટક લખાય છે.

૧૨ હિંદુઓમાં જેમ બ્રાહ્મણ પૂજ્ય છે, તેમ મુસલમાનોમાં સૈયદ પૂજ્ય છે.

૧૩ તે સિવાય જે જે જ્ઞાતિયોમાં જેવો રિવાજ હોય તે પ્રમાણે લખવું.

અર્થ:—જોશી=જ્યોતિષ વિદ્યા જાણનાર. પંડિતમાંથી અપભ્રંશ રૂપે પંડ્યા થયા. પરી=પારખનાર. સંઘવી=સંઘ કાઢનાર. જાડેજા=જાડાના વંશજો. રજપૂત=રાજપુત્રો.

---

૩ નિશાનીઓ.

૧ કાગળને મથાળે જે ચિન્હ કરવામાં આવે છે, તે વિષે જુદી જુદી વાતો ચાલે છે, તેમાંની એક આ નીચે લખી છે.

ꣻ૦ એ ભૂત, વર્તમાન ને ભવિષ્ય કાળ બતાવે છે.

।। એ ધર્મ કર્મની પ્રતિજ્ઞા બતાવે છે.

૭ એ સાત સમુદ્ર બતાવે છે.

૪ એ ચોમેર પૃથ્વી બતાવે છે.

।। એ આ લોક ને પરલોક બતાવે છે.

= એ હું અને તમે એમ ચીંધી બતાવે છે.

ઃ॥છગાગ્ન એનો સામટો અર્થ—ભૂત, વર્તમાન, ને ભવિષ્ય. એટલે થએલી, અને ચાલતી વાત, તથા તે ઉપરથી જે પરિણામ થાય તે ખરૂં, એમ આ પત્રમાં લખેલું છે; તેમાં કોઇ પણ જાતનો દગો મેં રાખેલો નથી. તેની આ ધર્મ કર્મની પ્રતિજ્ઞા છે; અને સાચવટથીજ સાત સમુદ્રમાં, તેમ ચોમેર પૃથ્વીમાં, તથા આ લોકને પરલોકમાં જ્યાં હું હઇશ, ત્યાં સુખ પામોશ; એવું હું નક્કી માનું છું, તે તમને વિદિત કરૂં છું.

કેટલાક છેલ્લે બે આનાને ઠેકાણે ॥ જ ॥ એ નિશ્ચય બતાવનાર શબ્દ મૂકે છે. કેટલાક શરૂઆતમાં ત્રણ ટપકાંને બદલે બે ટપકાં મૂકે છે. કેટલાક તેથી જુદી નિશાનિયો કરે છે.

૨. ||||||| કાગળ બંધ કરો તેના કવરના સાંધા ઉપર કેટલાક એવા લીટા કરે છે. તેનું કારણ એ જે,—સદરહુ કાગળ ત્રાહિત કોઇ ઉખેડે, તો તે ઉખેડાયલો છે, એમ ઝટ માની શકાય. કેટલાક સાંધા ઉપર પોતાના નામની છાપ મારે છે, અને કોઇ સીલ કે સહી કરે છે.

૩. ॥ શ્રી ॥, ॥ છ ॥, હમેશાં કાગળની ટોચ ઉપર, અગર છેવાડે, એવા અક્ષર લખાય છે, તે શુભ પત્રો જાણવા. અશુભ પત્ર ઉપર તેવા અક્ષર કરવામાં આવતા નથી. ॥ છ ॥ ને ચંદ્ર કહે છે.

૪. | ૧૦૦ | આ કોઠો કરવાનું કારણ એ છે જે,—કોઠો બરોબર આંકડાને લગતો કર્યો હોય, તો કોઇ બીજો સખ્સ તેમાં તે ઉપર અંક વધારે ચડાવી શકે નહિ; મતલબ કે કોઠાની બહારના અંક ખોટા મનાય છે.

૫. શ્રી પ—લક્ષ્મીની કૃપાવડે પંચમાં શોભાયમાન એવા તુમે. એ રૈયત એકબીજાને લખે છે.

૬. શ્રી૬=લક્ષ્મી સાથે છ દર્શન થાય, એવા તમે; એ ધર્મગુરૂને લખાય છે.

૭. શ્રી૭=લક્ષ્મીની કૃપાવડે સાત સમુદ્ર સુધી તમારી કીર્તિ ફેલાએલી, એવા તમે એ રાજકુળને લખાય છે. રાજાને ૧૦૭ પણ લખાય છે.

૮. શ્રી૧૦૮=માળા ૧૦૮ પાળાની થાય છે, અને દરેક પાળે પ્રભુનું સ્તવન બોલાય છે; તેમ દરેક પાળો ખસેડતાં શોભાયમાન લક્ષ્મી અને તમારૂં સ્તવન કરીએ, એવા તમે, એ ધર્મગુરૂને લખાય છે.

૯. શ્રી ૧૦૦૮ એ વધારે વાર ધર્મ ગુરૂને સ્તુતિ કરવાના અંક છે, અને તેનો ભાવાર્થ પણ માળા ફેરવવાની સ્તુતિ ઉપર જાય છે.

૧૦. શ્રી=શોભાયમાન લક્ષ્મી (શક્તિ.)

૧૧. શ્રી૧।=લક્ષ્મીવડે સવાઇ થાઓ.

કેટલાક માબાપને ૧૦૮ વાર પગેલાગણુ લખે છે, તેનું કારણ પણ ઉપર મુજબ છે.

---

૪ મથાળાં.

આપણા સંબંધમાં ત્રણ પંક્તિના માણસો આવે છે તે.

૧—વડીલ પંક્તિ—૨—સમાન પંક્તિ—૩ ઉતરતી પંક્તિ.

૧—વડીલ પંક્તિમાં—દાદો દાદી—મા બાપ—મોટાં ભાઇ બ્હેન—કાકો કાકી—મામો મામી—ફુઓ ફોઇ—માસો માશી—ઉપરી—શેઠ—ગુરૂ ને નાત સમસ્ત વગેરે ગણાય છે

વડીલ પંક્તિ માટે કાગળનું મથાળું.

(પિતાને)

॰॥૭૪॥= સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે મહાશુભસ્થાને, પૂજ્યા રાધ્યે, શિર છત્ર તીર્થ—રૂપ, સકલ ગુણ જાણ,

સદ્ગુણ નિધાન, ચતુર સુજાણ, વિવેક સાગર, સર્વ શુભો-પમા યોગ્ય, પૂજ્ય માવિત્ર શ્રી ૫. ઝવેરીલાલ છગનલાલની ચિરંજીવી સદા ઘણી હોજો. એતાન શ્રી અંજારથી લી. આપના આજ્ઞાંકિત પુત્ર હરિલાલ ઝવેરીલાલના પગેલાગણા સ્વિકારશોજી.

સમજણ.

માવિત્ર શ્રી ૫ એ ઠેકાણે—ભાઇને લખવું હોય તો ભાઇ શ્રી૫—શેઠને લખવું હોય તો શેઠ શ્રી ૫—નાત સમસ્ત લખવું હોય તો, પટેલ ફલાણા ફલાણા વગેરે નાત સમસ્ત શ્રી૫—એમ જ્યાં ઘટે, ત્યાં તેમ લખવું.

સંબંધીઓમાં જો નર જાતિ હયાત ન હોય, તોજ નારી જાતિને પત્ર લખાય છે.—ગુરૂને શ્રીપને બદલે આગળ નિશાનીઓ છે તેમાં જુઓ.

આજ્ઞાંકિત પુત્ર—એ તો છોકરાએ ફક્ત મા બાપનેજ લખવું, બીજા બધા વડીલોને આજ્ઞાંકિત પુત્રને બદલે, આજ્ઞાંકિત સેવક લખવું. તેમજ શેઠ, નાત સમસ્ત વગેરેને પગેલાગણા ન લખતાં પ્રણામ કે નાત, રિવાજ પ્રમાણે જે ગોપાળ, રામ રામ, જુહાર કે સલામ જેમ ઘટે, તેમ લખવું. અને ઉપરીને સલામ દીગર ફલાણા ફલાણાની વિનતિ એ છે જે, એમ લખવું.

૨—સમાન પંક્તિમાં—મિત્ર—છેટેનાં સગાં—વેપારિયો—ધંધા—દારીઓ, વગેરે સહવાસમાં આવતા બરોબરિયા માણસો ગણાય છે.

સાસુ સસરો એ વડીલ પંક્તિના છે. તોપણ પત્ર વહેવારમાં (લખનાર નર માટે) લખવાનો રિવાજ સમાન પંક્તિની ગોડે છે, માટે અહિં પણ તેમજ સમાસ કર્યો છે.

સમાન પંક્તિ માટે કાગળનું મથાળું.

(બરોબરિયા વેપારીને)

॥ૐ॥૭૪॥= સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે મહા શુભ સ્થાને સકલ ગુણ જાણ સર્વે શુભોપમા યોગ્ય પૂજ્ય શા. શ્રી ૫. હીરજી રામજીની ચિરંજીવી સદા ધણી હોજો. એતાન્ શ્રી અંજારથી લી. સંઘવી અનોપચંદ ભૂલચંદના જુહાર વાંચશો.

સમજણ.

સમાન પંક્તિવાળા એકજ જ્ઞાતિ કે ધર્મના હોય, તો પોતાની જ્ઞાતિ કે ધર્મ ધારા મુજબ રામ રામ, જે ગોપાળ, વગેરે લખે છે.—એક ન્યાતવાળા બીજી ન્યાતવાળાઓને યથા યોગ્ય લખે, પરંતુ હાલમાં પ્રણામ લખવાનો રિવાજ વધી ગયો છે.

સરકારી દરબારી નોકરો, કે કેળવાયલા વેપારિયો, અંગ્રેજી ઢબ પ્રમાણે કાગળ લખે છે. રીત ચીઠીયોમાંના નવમાં નમૂનામાં જુઓ. માન વાચક શબ્દો આગલી ચોઠીયોમાં ઘણા છે, માટે યોગ્યતા પ્રમાણે ચૂંટી લેવા.

૩. ઉતરતી પંક્તિમાં—ન્હાનાં ભાઇ બ્હેન–ભત્રીજા–ભાણેજ–પુત્ર પુત્રી–શિષ્ય–નોકર વગેરે ગણાય છે.

ઉતરતી પંક્તિ માટે કાગળનું મથાળું.

(પુત્રને)

॥ૐ॥૭૪॥= સ્વસ્તિ શ્રી અંજાર મહા શુભ સ્થાને, ચિ. હરિલાલ ઝવેરીલાલ. એતાન શ્રી મુંબઇ બંદરેથી લી. શુભેચ્છક ઝવેરીલાલ છમનલાલના આશિષ વાંચજો.

સમજણ

જો ભાઈ, ભત્રીજા, કે ભાણેજને લખવું હોય, તો ચિ. ભા. શ્રી ૫ ફલાણા ફલાણા લખાય છે;–બ્હેનને ચિ. બ્હેન

શ્રી ૫ લખાય છે;-શિષ્યને-ચિ. શિષ્યવર્ય લખાય છે; અને નોકરને તેના જાત પ્રમાણે દા. શ્રી ૫ વગેરે લખાય છે.

નીચ વર્ગને તો માત્ર અટકને નામથીજ ચીઠી રૂપે લખાય છે, તેમાં નમનતાઈના શબ્દ કે માન વાચક શબ્દ હોતા નથી; જેમકે કોડાય મધ્યે રખિયા ફલાણા ફલાણા, જત બીજું—નજીકનાં સગાંઓ કાગળ લખે છે, ત્યારે મથાળામાં જાત ન લખતાં સગપણ દર્શાવે છે.

૪ સ્ત્રિને નામે વર, અગર વરને નામે સ્ત્રિ, કાગળ લખે, એવો રિવાજ દેશમાં ઘણે ભાગે નથી; પણ બીજા સગાંઓપર લખાય છે. જો નજીકનું કોઈ સગું ન હોય, તો ધણીનું નામ બન્ને ઠેકાણે લખાય છે. જેમકે. મુંબઈમાં લેનાર કાનજી શામજી હોય, તેને તેની સ્ત્રી અંજારેથી કાગળ મોકલે, તો તેમાં મોકલનારનું નામ પણ કાનજી શામજી લખશે, તેવીજ રીતે મુંબઈવાળો પણ તેજ નામે -અંજાર કાગળ મોકલશે. માટે નવી રીત વિશેષણોથી ભરી લખી નથી.

૫—પુત્ર જે રીતે મા બાપને કાગળનાં મથાળાં લખે, અગર મા બાપ જે રીતે પુત્રને લખે, તે રીત પુત્રીને પણ લાગુ પાડી શકાય. પરંતુ એટલું યાદ રાખવું કે પુત્રીને શિરનામે કાગળ લખાય, એવી દેશી જ્ઞાતિ નથી. પુત્રી સાસરે હોય ત્યારે વ્હેવાઈઓ અરસપરસ એક બીજાને નામે કાગળ લખે છે.

અર્થ—વડીલ=મોટા. સમાન=બરોબર. ઉતરતી=હળતી. પંક્તિ=વર્ગ. સ્વસ્તિ=(સુ=સારૂં+અસ્તિ=હોવું)=સારૂં હોવું. એટલે કલ્યાણ થાઓ. શ્રી=શોભાયમાન અથવા લક્ષ્મી. શ્રી એ શુભ વાચક શબ્દ છે એ ગામ કે નામની પહેલાં આવે છે. મહા=મોટું. શુભ=સારૂં. સ્થાન=ઠેકાણું. પૂજ્યા

રાધ્યે=(પૂજ્ય=પૂજા કરવા યોગ્ય+આરાધ્ય=સ્તુતિ કરવા યોગ્ય+એ=દ્વિ વચનનું પ્રત્યય)=પૂજા તથા સ્તુતિ કરવા યોગ્ય. સદ્ગુણ=સારા ગુણ. નિધાન=ભંડાર. ચતુર=ડાહ્યો. સુજાણ=સારી પેઠે જાણીતો. વિવેક=સભ્યતા. સાગર=દરિયો. સર્વ=બધી. શુભોપમા=(શુભ+ઉપ+મા=માપવું)=સારી ઉપમા. યોગ્ય=લાયક. શિર છત્ર=માથાનું ઢાંકણું. તીર્થરૂપ=તીર્થ જેવા. આજ્ઞાંકિત=(આજ્ઞા+અંકિત)=આજ્ઞાથી અંકાએલો એટલે હુકમમાં રહેનાર. એતાન=તેઓને. શિષ્યવર્ય=શિષ્યોમાં ઉત્તમ. નાત સમસ્ત=આખીનાત. ચિરંજીવ=(ચિરં=લાંબી મુદત જીવ=જીવવું.)

---

૫ કાગળનો નમુનો.

(સમાન પંક્તિ માટેનો)

કાગળ એટલે પરગામવાળા માટે સમાચારનો પત્ર.

શ્રી.॥

ૐ॥ સ્વસ્તિ શ્રી માંડવી બંદરે મહા

૧. મથાળું. શુભસ્થાને, સકલ ગુણ જાણ, સર્વે શુભોપમા

યોગ્ય, પુજ્ય શા. શ્રી ૫ ફતેચંદ મુળચંદની

ચિરંજીવી સદા ઘણી હોજો. એતાન શ્રી ભુજ નગરથી લી. શા. માણકચંદ કર્મચંદના જુહાર વાંચશો.

જત બીજું લખવા કારણ એ છે જે,—અમે

૨ દેવનું અત્રે શ્રી આદીશ્વર મહારાજની કૃપાએ કરીને

સ્મરણને ક્ષેમ કુશળ છીએ. તમારી ખુશાલીનો પત્ર,

પત્રની પ- માહ સુદ ૪ નો લખેલ, આજે આવ્યો, તે

હોંચ. પહોંચ્યો. વાંચી, પરમાનંદ થયો છું. વિગત

સર્વે તમારા લખ્યા પ્રમાણે જાણી છે, વળી પણ સંભારીને લખતા રહેજો

બીજું તમારી મોકલેલ ખજૂર ખાંડી ૨૦)
૩ વિગત. વીસ, પ્રત કોરી ૭૫) પંચોતેરને ભાવે
વેચાઇ ગઇ છે; તથા ગોળ મણ ૫૦) પચા-
સ, પ્રત કોરી ૮॥ સાડી આઠને ભાવે વેચાઇ ગયો છે.

વળી ખજૂર ખાંડી ૨૦) વીસ, અને ગોળ મણ ૧૦૦) એકસો, તથા કેરોસીન તેલની પેટી નંગ ૧૭) સત્તર, મોકલાવજો. તમારી પાસે જાતવાર ધાન્યના ભાવ શું છે તે લખી જણાવશો. અત્રે માલના બજાર ભાવ નીચે પ્રમાણે છે.

૧૭૦ મગ દેશી ક. ૧	૨૪૦ તલ ક. ૧
૧૫૦ ઘઉં ક. ૧	૧૩૦ કાલા ભા. ૧
૧૪૦ બાજરી ક ૧	૧૪ ખાંડ સાકરી મ. ૧
૧૨૮ કાળા મગ ક. ૧	૧૮ સોપારી મિલકી મ. ૧
૧૮૦ ચોખા રાતા ક. ૧	૨૦ મીઠું તેલ મ. ૧
૧૩૨ જોવાર ક. ૧	૧૮ કેરોસીન તેલની પેટી ૧
૧૨૦ કોરડ ક. ૧	૨૪ સાકર ચીનાઇ મ. ૧

વગેરે માલના ભાવ છે, તે જાણવા માટે લખ્યું છે.

બીજું ઠા. જેરામ રવજી તમારી પાસે શ્રી માંડવી આવેલ છે, તેમને કોરી ૨૦૦) બેસો સુધી અમારે ખાતે માંડીને આપજો; તથા તેમને જે ચીજ વસ્તુ ખરીદવી હોય, તે કામે તેમની સાથે રહી, ચોકશીની રીતે અપાવજો.

અમારૂં પણ થોડા રોજમાં શ્રી માંડવી આવવું થશે, કારણ કે ચિ. ઠાકરસીના વિવાહ કાજે, રેશમ વગેરે બીજું કેટલુંક લેવું છે; તે રૂબરૂ મન પસંદ લેવાની મરજી થાય છે, એ સહજ જાણવાને લખ્યું છે.

૪ છેવટનો વિવેક. બાળ ગોપાળ સર્વેને અમારી વતીએ બોલાવશો, અને શા. રતનસી પ્રેમચંદ તથા સાંકળચંદ હીરાચંદને અમારા જુહાર વંચાવશો. બાકી વિ-

મત કુશળ છે, તમારો પત્ર આવેથી વિશેષ લખીશું વળતે પત્રે કામકાજ લખશો, જોઈતું કરતું મંગાવજો, કશી વાતે જુદાઇ જાણશો નહિ. જે સંભારે તેને અમારા બદીત કહેશો. અત્રેના વાઘજી રાયચંદના જુહાર વાંચશો એજ.

સંવત ૧૯૫૦ ના માહ શુદ ૫ શ-
૫ મિતિને લ- નેહ દા. શા. માણકચંદ કર્મચંદના
ખીતંગ. જુહાર વાંચજો.

સમજણ.

પર પ્રાંતથી જે અનાજ આવે છે, તે ગુણીઓમાં આવે છે. અને તે ગુણીઓની કિમ્મત દર નંગે હોય છે.

ભલામણના કાગળમાં અમુક રકમ, અપાવવાની હોય, તો તેમાં મુદ્દતની બંધી લખે છે; જેમ કે કોરી ૨૦૦)

બેસો સુમારે ખાતે માંડીને આપજો, તેની બંધી, આ ભલામણ લખ્યાની મિતિથી માસ દોઢની અંદર લેવા આવે તો આપજો. મુદ્દત વીતે લેવા આવે તો અમારો જવાબ મંગાવી, ત્યાર પછી આપજો.

ઉપર પ્રમાણે કાગળનાં પાંચ પેટાં પાડી શકાય તે.

૧ પહેલા પેટામાં કાગળનું મથાળું, જેને જેમ ઘટે, તેને તેમ લખતાં આવડવું જોઈએ.

૨ બીજા પેટામાં દેવનું સ્મરણ અને પત્રની પહોંચ છે.—એમાં લખનાર જે ધર્મી હોય, તે ધર્મના દેવનું સ્મરણ લખે છે. જેમ કે.—શ્રી રામચંદ્રજીની કૃપાએ કરીને ક્ષેમ કુશળ છીએ, શ્રી ગોપાળજી મહારાજની કૃપાએ કરીને ક્ષેમ કુશળ છીએ, શ્રી મહાદેવજીની કૃપાએ કરીને ક્ષેમ કુશળ છીએ, વગેરે, વગેરે.

પત્રની પહોંચમાં સામા ધણીના કાગળ લખ્યાની

મિતિ બતાવાય છે, અને જો કાગળ મોડા આવતા હોય, તો લખાય છે કે,—તમારો કાગળ ઘણા રોજ થયા નથી, તે લખશો; કારણ કે દેશ પરદેશના મેળાવ તો કાગળથીજ છે, માટે નિરંતર પત્ર લખતા રહેશો. કાગળ લખવાનું આળસ કરશો નહિ.

૩ ત્રીજા પેટામાં વિવેકના શબ્દ જેમ ઘટે તેમ લખવા.

૪ ચોથા પેટામાં વિવેકના શબ્દ જેમ ઘટે તેમ લખવા.

૫ પાંચમા પેટામાં મિતિ ને લખીતંગ દર્શાવવાં.

ઉપલી રીતો યાદ રાખવાથી પત્ર લખતાં આવડશે. જો કાર્ડમાં લખવું હોય તો ટૂંકાણમાં લખવું.

---

૬ સરનામાં કે શિરનામાં.

સંસ્કૃતમાં શિર એટલે માથું, અને ફારસીમાં સર એટલે માથું + નામું=નામ, સામટો અર્થ માથાનું નામ તે, કારણ કે માણસ મોઢાપરથીજ ઓળખાય છે.

કવર પરનાં સરનામાં.

૧ રા. મોતીરામ ગાંગજી ઠક્કરને પહોંચે,
સ્થળ લાખાણીચોક, નવા દરિયાસ્થાન સામે,
મુ. અંજાર,
(પ્રાંત કચ્છ).

૨ પૂજ્ય ભાઇ શ્રી મ્હેતા નથુ રામજીને પહોંચે,
સ્થળ લાહોર ચકલો, હવેલી પાસે,
મુ. માંડવીબંદર,
(પ્રાંત કચ્છ).

૩ શા. ઠાકરસી જીવનને પહોંચે,
સ્થળ પટેલશેરી, દક્ષિણાદી લાઇન,
મુ. કોડાય,
(તાલુકે માંડવી, પ્રાંત કચ્છ).

૪ ઠા. બ્હેચર રાઘવજીને પહોંચે,
સ્થળ ઠા. શીવજી રામજીની વખારે,
મુ. મુંબઈબંદર.
વડની ગાદી.

મુંબાઈના કાગળોપર ઉપર મુજબ સરનામાં કરવાં, ચકલાનું નામ મુંબઇ નીચે દર્શાવવું. જેમકે ગિરગામ પોસ્ટ, ભાત બજાર, વાંદ્રા વગેરે.

૫ નં. ૫૦ મો.

ફકત કચ્છ દરબારી કામનો.

કૃપાસિંધુ રા. રા. વિઠ્ઠલભાઇ કેશવજીભાઇ દ્વિવેદી. બી.એ.
એજયુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ, પ્રાંત કચ્છનાની
હુજૂરે પહોંચે.

મોતીરામ ગાંગજી ઠક્કર,
સ્કૂલ મહેતાજી કોડાય કચ્છ.
મુ. ભુજનગર.
કચ્છ.

૬ સદા મહેરબાન રા. રા. રાવબહાદુર નામદાર,
દિવાનજી સાહેબ રણછોડભાઈ ઉદયરામની હુજૂરમાં,
મુ. ભુજનગર
કચ્છ.

૭ ગરીબ પરવર સલામત, નોધારાધાર, ધર્મ ધુરંધર,
અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્, મહારાજાધિરાજ,
મીરજહાન્ મહારાજાઓ શ્રી ૧૦૭ ખેંગારજી સવાઈ બહાદુરજી સી. આઇ. ઇ............ચિ.
મ્હેરબાન રાવબહાદુર દિવાનજી સાહેબની સેવામાં,
મુ. ભુજનગર
કચ્છ.

જો અરજી પરબારી મહારાજા સાહેબ ઉપર મોકલવી હોય, તો માલીક મુલ્કે કચ્છનાની પવિત્ર સેવામાં.

આઝમ મ્હેરબાન રા. માંડવી,

વહીવટદાર સાહેબની જનાબમાં.

મુ. માંડવી બંદર,

કુચ્છ.

૯ ટિકેટવાળા કવરપર બીજી બાજુએ કંઈ વિગત લખી હોય, તો તે ચાલે, તેમજ કાર્ડની પીઠપર સરનામા ઉપરાંત છાપેલ ઝાહેર ખબર, મોકલનારનું નામ ઠામ રવાના તારીખ વગેરે લખવાની છુટી મળી છે. કાળોત્રીના કાર્ડ ઉપર શિરનામાની ચોમેર કાળા લીટા દોરતાં ટિકેટ છાપ બગાડશો નહિ.

૧૦ રીપલાય એટલે બેવડા પોસ્ટ કાર્ડ લખવા હોય તો પહેલામાં સીંગલ માફક લખો; અને બીજાની પીઠે તમારૂં સરનામું કરો. એટલે લેનાર ધણી પોતાનો કાર્ડ ફાડી લેઈ, બીજાપર વિગત લખી તમને મોકલાવશે.

૧૧ બુક પેકેટ અને નમૂનાના પેકેટપર સરનામાં, કવરપર નાની પેઠે કરો, અને ડાબી બાજુએ નીચલા ખુણાપર મોકલનારનું નામ, ઠામ, ગામ, ને પ્રાંત લખો.

અર્થઃ—કવર=પરબીડીયું. પૂજ્ય=પૂજા કરવાયોગ્ય. શેરી=ફળિયું. લાંઈન=હાર. તાલુકો=પરગણું. વખાર=જથાબંધ વેપાર કરનારી પેઢી. કૃપા સિંધુ=દયાનો દરિયો. દ્વિવેદી=બે વેદ જાણનાર તે બ્રાહ્મણમાં એક અટક છે. બી. એ=યુનીવર્સિટી તરફની એક પદવી. એજ્યુકેશનલ=કેળવણી સંબંધી. ઈન્સ્પેક્ટર=તપાસનાર. હુઝુર=રૂબરૂ. ગરીબ=(આ સ્થળે) રાજ હુકમથી ઉતરતા. પરવર=પાળનાર. સલામત=કાયમ. નોધારાધાર=ન આધારના પણ આધારૂ. ધર્મ ધુરંધર=ધર્મનું

ધુસરૂં ધરનાર. અખંડ=ભાગે નહિ તેવા. પ્રૌઢ=મોટા. પ્રતાપ=ગુણ. શ્રીમન્=શોભીતા. મહારાજાધિરાજ=મોટા રાજાઓમાં અધિકતા ધરનાર. મીરજહાન્=મોટા સરદાર. મહારાઓ=મોટા સિંહ જેવા રાજા. સવાઈ=ચઢિયાતાપણું. જી=ગ્રાંડ=મોટો. સી=કમાંડર=સરદાર, ઓફ=નો. આઇ=ઇન્ડિયન=હિંદુસ્તાની ઈ=એમ્પાયર=રાજ્ય.

૭ પોસ્ટ સંબંધી.

હિંદુસ્તાનમાં.

૧ સીંગલ પોરટ કાર્ડની ૩ પાઇ–રીપ્લાય પોષ્ટ કાર્ડની છ પાઇ.

૨ કાગળપર–અર્ધા તોલા સુધીના વજન ઉપર છપાઇની ટિકેટ. અર્ધા તોલાથી ઉપર ને દોઢ તોલા સુધી એક આનાની ટિકેટ. તે ઉપરાંત વધુ દોઢ તોલા દીઠ, અથવા તેના ભાગ ઉપર એક આનો ચઢતો.

૩ બુક પેકેટ અને નમુનાના પેકેટપર ટિકેટ તે.
દશ તોલા સુધી છ પાઇની ટિકેટ
તે ઉપરાંત દરેક વધુ દશ તોલા દીઠ, અથવા તેના ભાગ ઉપર છ છ પાઈ ચઢતી.

૪ આગળથી ટિકેટ ન ચોડીએ તો તેથી બમણું હાંસલ પડે.

૫ રજિષ્ટર કાગળ કરાવવો હોય, તો કાગળના વજન બદલ ટિકેટો ચોડયા ઉપરાંત, બે આનાની વધારે ટિકેટો ચોડવી. જો પહોંચ મંગાવવી હોય, તો એક આનાની બીજી ટિકેટ ચોડવી.

૬ પરદેશી પોરટેજના દર.

અંગ્રેજી વાવટા નીચેના મુલકમાં કાગળ મોકલવો હોય, તો અર્ધા ઔંસ (સવા રૂપિયાભાર) સુધીના વજન ઉપર એક આનાની ટિકેટ ચોડવી. તે સિવાયના મુલક માટે તેમ અઢી આનાની ટિકેટ.

બુક પેકેટપર દર ઔંસે ૭ પાઇની ટિકેટ.
નમુનાના પેકેટપર ચાર ઔંસે એક આનો, તે ઉપરાંત દર ઔંસે અર્ધા આનાની ટિકેટ.
પોસ્ટ કાર્ડ એક આનો—રીપ્લાયના બે આના.

૭ વેલુપેએબલ બુક પેકેટપર, વજન પ્રમાણે ટિકેટ તથા મનીઓર્ડર ખર્ચની ટિકેટ ચોડી; જે નાણું લેવાનું હોય તેના આંકડા સાથે, તે ચીજ ટપાલ ઓફીસને સ્વાધીન કરવી. એટલે તે વસ્તુ માલિકને પહોંચાડી, તેનું નાણું વસુલ કરી. પોસ્ટ ખાતું આપણને આપશે.

૮ હિંદુસ્તાનમાં તાર ત્રણ જાતના મોકલાય છે.
૧ અરજંટ (તાકીદ). ૨ ઓર્ડીનરી (સરેસ્તા). ૩ ડીફર્ડ (ઢીલમાં રાખવા).
અરજંટ—આઠ બોલ સુધી રૂપિયા બે, ઉપરાંત દર બોલે ચાર આના.

ઓર્ડીનરી—આઠ બોલ સુધી રૂપિયો એક, ઉપરાંત દર બોલે બે આના.

ડીફર્ડ—આઠ બોલ સુધી રૂપિયો અર્ધો, ઉપરાંત દર બોલે એક આનો.
જો જવાબ મંગાવવો હોય તો આગળથી બમણી ફી ભરવી. જો જવાબ ન વાળે તો એકવડી ફી તાર લેનારને પાછી મળે, કાંકે રાતો પત્ર તાર સાથે રાખેલ હોય છે. પાંચ મૈલ સુધી તારનો પટાવાળો તાર પહોંચાડે છે. વ-

ક્યારે અંતરે પોસ્ટ ખાતું પહોંચાડે છે. જો દૂરવાળા માટે મોકલનાર ખેપ ખર્ચ ભરે, તો અમુક માણુસ સાથે પહોંચાડવામાં આવે છે.

તાર ગમે તે ભાષામાં મોકલી શકાય છે, પણ અક્ષર અંગ્રેજી જોઇએ કેટલેક ઠેકાણે તારના શબ્દોની ફી બચાવવા સારૂ, સાંકેતીક શબ્દો વાપરવાનો ચાલ કેટલાકો રાખે છે. તેવા શબ્દો બન્ને જણ વચ્ચે થએલ સાંકેત પ્રમાણે અક્ષરોથી મૂકાય છે.

૯ પરગામથી આવેલો કાગળ તમને મળે, ત્યારે તે ઉપરનું સરનામું પ્રથમ વાંચો, જો તે તમારો હોય તો તે ફોડો.

૧૦ ક્યાંથી પત્ર આવેલ છે, તે પોસ્ટની છાપેલ છાપમાં જુઓ. તે ઉપરથી રવાના તારીખ પણ જણાશે, અને બીજી છાપ પરથી પહોંચ્યા તારીખ જણાશે.

૧૧ વાંચીને ફાડયા જેવા પત્રો, તુરત ફાડીને તેના ભાગોનો નાશ કરો.

૧૨ પરાયો કાગલ ફોડવો નહિ, કારણ કે તે ગુન્હો છે.

૧૩ રદ થએલી કે ફાટેલી ટિકેટ ચોડવી નહિ. તેમજ કવર કે કાર્ડપરનો ટિકેટવાળો ભાગ કાપીને ટિકેટ તરીકે વાપરવો નહિ.

૧૪ એક કવરમાં એક કરતાં વધારે સખ્સને વહેંચણી કરવાના કાગળોનો જથો બીડવો નહિ, કાંકે તે કલબ્ડ પેકેટ કહેવાય છે. જો બીડશો તો સજા થશે.

૧૫ બુક પેકેટમાં—છબી—ચિત્રામણ—નકશા—ગાયનો—પ્રૂફશીટ—કોરી કે છાપેલી ચોપડી—ને કોરા કાગળ એવું એવું મોકલી શકાય.

હાથના લખેલ કાગળિયામાં—દસ્તાવેજો—ભરતીઆં—હિસાબી આંકડા—છાપખાનામાં છપાવવા માટે હાથે લખાયલા કાગળો.

જુના કાગળોમાં—જે એક વખત પોરટમાંથી આગળ પસાર થઈ ગયા હોય તે અને જે કામ માટે તે અસલ લખાએલા હોય, તે કામ થઇ ચૂકયું હોય તેવા.

બુક પેકેટ ઉપર ખાનગી પત્ર વ્હેવારની કે તેવા ઢબની બાબત લખવી નહિ, અથવા લખીને તેની અંદર બીડવી નહિ, જો તેમ કરવામાં આવશે તો તે અન રજિષ્ટર એંગીના રૂપમાં જઈ નોટપેડ થશે.

બુક પેકેટની અંદર શું ચીજ છે, તે બારથી જોઇ શકાય, તેવી રીતે તેનું પરબીડીઉં ખુલ્લું રાખો. જો પરબીડીઉં ચોમેર વીંટાળો, તો તે ચોડશો નહિ, પરંતુ દોરાથી બાંધજો; કે તે છોડી જોઇ શકાય, જો ચોમેર ચોડશો, તો તે નોટપેડના હાંસલથી હાણી થશે.

૧૬—નમુનાના પેકેટમાં—વેપારને અર્થે મોકલવાના નમુના મોકલી શકાય, કે જેની કિમ્મત કંઇ ઉપજે નહિ. જેમકે ધાન્ય, રૂ, કરિયાણા, વગેરે. ઉપરાંત જે બુક પેકેટમાં મોકલી શકાય, તે નમુનાના પેકેટમાં પણ મોકલી શકાય.

નમુના પેકેટ એવી રીતે બંધ કરો, કે અંદર શું ચીજ છે તે સહેલથી જોઇ શકાય. જેમ કે કોથળીનાં મોઢાં દોરેથી બાંધો, પણ શીવી મૂકશો નહિ. જો શીવી મૂકશો તો તે એંગીના રૂપમાં જશે, તેથી વધારે હાંસલ નોટપેડ તરીકે લેવાશે.

કંકોત્રી.

કંકુ પત્રી ઉપરથી કંકોત્રી, એટલે કંકુનાં છાંટણાંવાળો પત્ર

કંકોત્રી લાલ શાહીથી લખે છે, અગર કાળી શાહીથી લખી તે ઉપર કંકુ કે કેશરનાં છાંટણાં કરે છે.

એ, લગ્ન, સીમંત, કે જનોઈ વગેરે શુભ પ્રસંગે લખાય છે.

કન્યાના લગ્ન વિષેની કંકોત્રી.

સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે મહા શુભસ્થાને, સકલ ગુણુ

	જાણુ, સર્વે શુભોપમા યોગ્ય, પૂજ્ય ભા.
૧. મથાળું	શ્રી ૫. હરિદાસ રામદાસની ચિરંજીવી સદા ઘણી હોજો. એતાન્ શ્રી અંજારથી

લી. ભા. નારાણુદાસ ત્રીકમદાસના જયગોપાળ વાંચશો.

જત બીજું લખવા કારણુ એ છે જે,—ચિ. બ્હેન ગો-

	દાવરીના શુભ લગ્ન માહ શુદ ૧૩ ને
૨. મહોત્સવ	વાર રવિના નિરધાર્યા છે, તેના માંડવાનું મુહૂર્ત્ત માહ શુદ ૧૧ ને વાર શુક્રેનું છે.
૩. આમંત્રણુ	તે ઉપર સાથ સર્વેને તેડી વ્હેલા પધારજો. તમો આવેથી મંડપની શોભા રૂડી દીસશે.
૪. મિતિ.	મિતિ. સંવત ૧૯૫૦ ના માહ શુદ ૫ ને વાર શનેઉ.

સમજણુ

૧ કંકોત્રી લખતાં પેટાં પાડવાં નહિ, પણુ સળંગ પેરેગ્રાફ પાડયા વગર લખવું. ઉપર જે પેટાં પાડયાં છે તે સમજણુ માટે છે.

૧ જો પુત્રનું લગ્ન હોય, તો બીજા ને ત્રીજા પેટાને ઠેકાણે—જત બીજું લખવા કારણુ એ છે જે,—ચિ. પુરૂષોત્તમદાસના શુભ લગ્ન માહ શુદ ૧૩ ને વાર રવિના નિરધાર્યા છે, તે ઉપર સાથ સર્વેને તેડી વ્હેલા પધારજો તમો આવેથી રૂડું દીસસે.—એમ લખે છે. મતલબ કે માં-

ડવાની વિગત કહાડી નાંખે છે. જનોમાં તો કન્યા કે વર-
વાળા મંડપ વિષે બિલકુલ ઇશારો પણ કરતા નથી, કાંકે
તેઓમાં મંડપ મુહૂર્ત્તનો ચાલ નથી.

૩ જો જનોઇની કંકોત્રી હોય, તો બીજા અને ત્રીજા પેટાને ઠેકાણે—જત બીજું લખવા કારણ એ છે જે,—ચિ. પુરૂષોત્તમદાસને ઉપવિત દેવાનું શુભ મુહૂર્ત્ત માહ શુદ ૧૩ ને વાર રવિનું નિરધાર્યું છે, તે ઉપર સાથ સર્વેને તેડી વ્હેલા પધારજો. તમો આવેથી રૂડું દીસશે.—એમ લખે છે. તેવી જ રીતે સીમંત કે બીજા મંડપ ભરતી વખતે, કંકોત્રીઓ લખાય છે. સીમંતની કંકોત્રી લખતી વેળા,—જત બીજું લખવા કારણ એ છે જે,—બાઇ પુરૂષોત્તમદાસને ઘેર સીમંતનું શુભ મુહૂર્ત્ત, માહ શુદ ૧૩ ને વાર રવિનું છે, તે ઉપર સાથ સર્વેને તેડી વ્હેલા પધારજો.—એમ લખે છે.

ઉપર દર્શાવેલ રીત ઉપરથી કંકોત્રીઓ લખતાં આવડશે.

અર્થ—નિરધાર્યા છે=નક્કી કર્યા છે. માંડવો=મંડપ. મુહૂર્ત્ત=શરૂઆત શુકન. ઉપવિત=જનોઇ=યજ્ઞોપવિત્ત. સીમંત=અઘરણી સંબંધી મહોત્સવ. લગ્ન એ શબ્દ માનાર્થે બહુ વચનમાં વપરાય છે. કંકોત્રીથી ઉલટો શબ્દ કાળોત્રી છે.

હુંડી બાબત.

હુંડી એટલે પરગામે નાણાં મળે, તે બાબતની ચીઠી.

હુંડી બે જાતની છે.

૧ શાહજોગી. ૨ નામજોગી.

ઉપરાંત માલ ઉપર જોખમી હુંડી લખાય છે.

હુંડી જેવી બીજી ચીઠીઓ થાય છે તે.

૧ પ્રોમિસરીનોટ—૨ ચેક—૩ ડ્રાફ્ટ.

અંગ્રેજી હુંડી બે જાતની છે.

૧ મુલકી. ૨ પરમુલકી.

પર મુલકી હુંડી બેવડી ત્રેવડી હોય છે, તેમાંની એક પહોંચી એટલે બીજી રદ ગણાય છે.

૧ શાહજોગી હુંડી.

શ્રી ૧।

૧ મથાળું કોના ઉપરની, કોણે લખ્યો.	સ્વસ્તિ શ્રી મુંબઈ બંદરે મહાશુભ-સ્થાને, સર્વે શુભોપમા લાયક, પારેખ શ્રી ૫ અમીચંદ વીરચંદ જોગ શ્રી માંડવી બંદરથી લી. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચજો.
૨ રાખ્યા, કેટલા રૂ. ની ને મુદ્દત.	જત અત્રેથી રાખ્યા શા. અનોપચંદ ભાઈચંદ પાસેથી રૂ. ૫૦૦) અંકે પાંચસો પૂરા રોકડા લીધા છે, તે હુંડી પહોંચ્યા પછી મુદ્દત દિન ૪ ચાર કેડે આપજો.
૩ હુંડીની જાત (શાહજોગી).	નામે શા. વેપારી જોગ આપજો.
૪ ચોકસી.	સદરહુ રૂપિયા, હુંડીની રીતના, ગર્થે ઠામ, ઠેકાણું ચોકસ કરીને આપજો.
૫ નિશાની.	નિશાની એ જે કાગળ મધ્યે લખીશું.
૬ મિતિ ને લખીતંગ.	સંવત્ ૧૯૫૦ ના માહ શુદ ૧૩ ને વાર રવેઉ. દા. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચજો.

૭ હુંડીની પાછલી બાજુએ ઉપર લખાય.	નીમે રૂપિયા ૨૫૦) બસો પચાસથી બમણા, જુમલે રૂપિયા ૫૦૦) પાંચસો, પૂરા કરી આપજો.	૫૦૦
૮ હુંડીની પાછલી બાજુએ છેવાડે લખાય.	હુંડી ૧ શ્રી મુંબઇ બંદરની છે. પારેખ શ્રી ૫. અમીચંદ વીરચંદને પહોંચે.	

હુંડી લખતાં પેટાં પાડવાં નહિ, પણ સળંગ, પેરેગ્રાફ પાડ્યા વગર લખવું; ઉપર જે પેટાં પાડયાં છે, તે સમજણ માટે છે.

શાહજોગી હુંડીમાં કેટલાક, બીજા પેટામાં રાખ્યાવાળાનું નામ ન લખતાં, "રાખ્યા શાહ પાસેથી" પણ લખે છે.

૨ નામજોગી હુંડી વિષે.

જો નામજોગી હુંડી હોય, તો શાહજોગી હુંડીના નમુનામાંથી ત્રીજું ને ચોથું પેટું કહાડી નાંખો; અને તે બે પેટાંને બદલે નીચે મુજબ લખો.

"નામે રાખ્યા ફલાણા ફલાણાની વતી, ફલાણા ફલાણાને આપજો."

એમ નામ લખો, એટલે નામજોગી હુંડી થઇ રહેશે.

સરકારી રાજ્યમાં હુંડીપર સ્ટાંમ્પ ચોડાય છે, કચ્છમાં તે રિવાજ નથી.

૩ હુંડીના માપની રીત.

૧ હુંડી આખા કાગળના આઠમા કડકા ઉપર લખાય છે.

૨ મથાળા ઉપર બે આંગળાં જેટલી કોરી જગા મૂકી, પછીથી (શ્રી ૧ા કરીને) લખવું.

૩ તે બાજુના નીચેના ભાગ સુધી, બધુ લખવાનું સમાઇ જાય, તેમ લખવું. મતલબ કે છેલ્લે, લખનારની સહી પણ સમાઈ જાય, તેમ લખવું.

૪ પછી તે કામ પૂરૂં થયું, એમ સમજી તે નીચે બે લીટી આડી દોરવી.

૫ ત્યાર કેડે બીજી બાજુએ લખવા માટે, તે પાનાને એવી રીતે ઉથલાવો કે નીચેની મિતિ અને સહી ઉપર આવે, એટલે તેની પીઠે ઉપરથી લખો. મતલબ કે આડી બાજુએ રિપોર્ટની ગોડે ન ઉથલાવતાં, ઊભી બાજુએ નીચેથી ઉથલાવવું; એટલે અનુક્રમ નીચેથી સાંધવું.

૬ તે બીજી બાજુએ ઉપરવાડે જમણે ખૂણે રૂપિયાનો કોઠો કરી, તેમાં આંકડા મૂકવા. કોઠામાં આંકડા બરાબર સમાઇ રહે, તેમ લખવા, માર્ગ મૂકવો નહિ. કારણ માર્ગ મૂકવાથી બીજા અંક તે ઉપર કોઇ ચડાવે, તો ગડબડ જેવું થાય.

૭ તે કોઠાની ડાબી બાજુએ, નીમે રૂપિયાની વિગત લખી, તે નીચે બે આડી લીટી દોરવી.

૮ છેવાડે હુંડી સીકરાવવાનું ગામ અને સરનામું લખવું. તેની ઉપર હુંડીનો કોઠો અંક પૂરી કેટલાક લખે છે.

જો કચ્છમાંજ એક ઠેકાણેથી, બીજે ઠેકાણે કારીઓ મોકલવી હોય, તો હુંડીને બદલે કાગળ લખાય છે,—રીત એ જે,—મથાળું લખ્યા પછી "કારી—અમારે ખાતે માંડીને, ફલાણા ફલાણાને આપજો; કારણ તેમને દેવરાવવા સારૂ ફલાણે ફલાણે અત્રે ભરી છે તે (જો ભરનાર અને લેનાર એકજ ધણી હોય, તો તેણે પોતે ભરી છે તે.) અમે તમારે ખાતે જમા કરી છે" મિતિ.

નામજોગી હુંડી.

રાખ્યાવાળા ધણીનેજ આપવાની તેનો નમુનો.

શ્રી ૧।

ઃ૦૭૪।।।ઽ

સ્વસ્તિ શ્રી કચ્છ અંજાર સુથાને ભાઇ શ્રી ૫. લખમસીં માણેકચંદ હા. ઠા. કાળાભાઇ કરમસીં, જોગ શ્રી મુંબઇ અંદરથી લી. ભાઇ લક્ષ્મીચંદ માણેકચંદ હા. શાહ લાલચંદ રામજીના જુહાર વાંચજો. જત અત્રેથી રાખ્યા ઠા. મોતીરામ ગાંગજીની પાસેથી રાસાઇ કોરી ૫૦૦) અક્ષરે પાંચસો પૂરી રાખી છે, તે તુરત આપજો. નામે રાખ્યા વાળા ધણી જોગ આપજો, નિશાની એ જે માંડવીની વખાર ખાતે ઉધારજો. સં. ૧૯૫૭ ના ફાગણ શુદ ૧૫ વાર ભોમે. (સહી) દા. લાલચંદ રામજીના જુ. વાંચજો.

કોરી ૫૦૦

નીમે કોરી ૨૫૦)થી બમણી દેજો,
જુમલે કોરી ૫૦૦) પાંચસો પૂરી આપજો.

ઃ૦।।૭૪।।ઽ

પૂજ્ય શાહ શ્રી ૫ લક્ષ્મીચંદ માણેકચંદ હા. ઠા. કાળાભાઇ કરમસીં જોગ કચ્છ અંજાર.

મુંબઇમાં કચ્છની હુંડી લેવી હોય, તો સો કોરીના અમુક રૂપીયા લેવાનો ભાવ બંધાય છે; જેમકે સો કોરી કચ્છમાં દેવી તેના ૧૭ રુપિયા,—૧૭।ઽ વગેરે, વગેરે.

૪ હુંડીની મુદ્દત વિષે.

હુંડીના પૈસા મળવાની મુદ્દતના ત્રણ પ્રકાર છે.
૧ દર્શની. ૨ તુરત મુદ્દતની. ૩ મુદ્દતી.

૧ દર્શની=દેખાડતાં જ નાણાં મળે તે. એનું બીજું નામ ખુડા ઉતાર છે. એવી હુંડીના બીજા પેટામાં લખાય છે કે- આ હુંડી દેખાડેથી તે જ વખત નાણાં આપજો.

૨ તુરત મુદ્દતની=એનાં નાણાં બીજા દિવસ સુધી મળે. એવી હુંડીના બીજા પેટામાં લખાય છે કે,—આ હુંડી દેખાડેથી તેજ વખત નાણાં આપજો.

મુદ્દતી હુંડીના પ્રકાર.

૧ મુદ્દત દિન વળતાની=એ બીજે દિવસે પાકે.

૨ મુદ્દત દિન એક એકની=સ્થાનિક ધારા મુજબ.

૩ મુદ્દત વાર ભોમની=એ ચોથે દિવસે પાકે.

૪ મુદ્દત દિન ૪ ચારની=એ નવથી માંડીને, વીશ દિવસ સુધી સ્થાનિક ધારા મુજબ પાકે.

૫ બાંધી મુદ્દતની=જેમકે મુદ્દત દિન ૩૦ ત્રીસની, દિન ૯૧ એકાણુંની, એમાં બાંધી મુદ્દતેજ નાણાં મળે.

૫ હુંડીમાં વપરાતા શબ્દોની સમજણ.

૧ નામજોગી હુંડી=અમુક માણસને નામે નાણાં આપવાની હુંડી.

એ ઘણું કરી વેચી શકાતી નથી. (ઓળખાણ માટે ઇલાયદા કાગળમાં અંગ ઉપરના તલ વગેરેની નિશાનિયો લખાય છે.)

જો રાખ્યા વાળાનેજ નાણું અપાવવું હોય, તો—"નામે રાખ્યાવાળા ધણી જોગ આપજો"—એમ લખે છે. તેમ નહિ તો જેને નાણું અપાવવાનુ હોય, તેનું નામ તે ઠેકાણે લખે છે. આવી હુંડીઓ થોડીજ લખાય છે, કાંકે તેની ગરજ મનીઓર્ડરો સારે છે.

૨ શાહજોગી હુંડી=શાહને નામે, તે બીજાને વેચી શકાય.

૩ રાખ્યા=હુંડી લખાવનાર ધણી.

૪ અમારી વતીને ખાતે=પોતાની ગરજે લખેલ તે. એમાં ખોટ વટાવનો જવાબદાર, લખનાર પોતેજ છે; માટે તે સીકરાઈ આવે ત્યારે નાણાં આપ્યાની જે તારીખ હોય, તે તારીખ ચોપડામાં લખાય છે. તેટલી સુધી તારીખની જગો ખાલી રહે છે, તેને "પોલી તારીખ" કહે છે. કાંકે વ્યાજ તે દિવસથીજ ગણાય.

પ=તમારી વતીને ખાતે=તમારા મગાવ્યાપરથી લખેલ તે. એમાં ખોટ વટાવનો જવાબદાર મંગાવનાર આપો છે;

અમારી વતીને કે તમારી વતીને ખાતે,—એ બાબત લખનાર જુદો કાગળ લખે છે, તેમાં તે દર્શાવે છે. અને કેટલાક હુંડીના પાંચમા પેટામાંજ "નિશાની એ જે અમારી વતીને ખાતે ઉધારજો." અગર તેથી ઉલટું લખે છે, તોપણ હુંડી લખી કે તુરતજ ખાનગી જુદો કાગળ લખવો જોઇએ.

૬ ખોળાધર=ઓળખાણ વિષેનો જામીન તે. હુંડીનાં નાણાં આપતી વખતે પીછાન ન હોય તો ખોળાધર લેવાય છે.

૭ હુંડી દેખાડી=હુંડી આવતાં જેના ઉપર તે લખાએલ હોય, તેને બતાવવા જવી, એટલે સદરહુ માણસ તે ઉપર દેખાડયાની મિતિ લખી, આપણને હુંડી પાછી આપશે; તેને હુંડી દેખાડી કહે છે.

૮ હુંડી પાકી=હુંડીની મુદ્દત પૂરી થઇ. જો હુંડી પાક્યા પહેલાં નાણું લેવું હોય, તો તેટલી મુદ્દતનું વ્યાજ કાપીને આપે.

૯ બખ્ખાઈ=હુંડીની લખી મુદ્દતે નાણાં ન આપતાં,

વેપારિયો અમુક દિવસની વધારે રોકાણ કરે; તેટલા રોજનું વ્યાજ ખચે, તે ભખ્ખાઇ કહેવાય.

૧૦ ભરપાઈ=હુંડીમાં લખ્યા રૂપિયા આપી, હુંડીની પીઠ ઉપર તેની પહોંચ લખાવો લે છે, તેને હુંડી ભરપાઇ થઈ કહે છે.

—૧૧ ખોખું=હુંડી સીકરાઇ ગઈ એટલે ભરપાઈ થઇ, ત્યારે તે હુંડીનો પત્ર ખોખું કહેવાય છે. તે લખનાર ઉપર બીડાય છે.

૧૨ શાહ વેપારી જોગ=શાહુકાર વેપારીને.

૧૩ નિશાની એ જે કાગળ મધ્યે લખીશું=હુંડી લખી કે તુરતજ તે બાબતનો જુદો કાગળ લખી, સીકારનાર ઉપર લખનાર બીડે છે તે.

બીજી સમજણ.

જેના ઉપર હુંડી લખાએલી છે, તે જો ન સીકારી આપે તો લખનાર પાસેથી નકરામણ સીકરામણ વગેરે વરતી લેવાય છે. મહિનો પુરો ન થયો હોય, તો પણ મહિનાનું વ્યાજ વરતી લેવાય છે, મહિના ઉપરાંત જેટલા રોજ થયા હોય તે પ્રમાણે વ્યાજ વરતી લે છે.

હુંડી વેચાય ત્યારે તેના મથાળાપર લખાય છે કે, લી. ફલાણા ફલાણા, જત મેં આ હુંડી ફલાણા ફલાણાને વેચી છે. શાહજોગી હુંડીમાં તેમ નથી પણ લખતા.

હુંડી સીકરાયા પહેલાં લખનાર દેવાળું કાઢે, તો રાખ્યાવાળાના પૈસા જાય; અને સીકરાયા પછી દેવાળું કાઢે, તો સીકારનારના પૈસા જાય.

હુંડીની વ્યાખ્યા—રૂપિયા ઉપાડનાર માણસ, પોતાના આડતિયાપર તે નાણાં જેની પાસેથી ઉપાડયાં હોય, તેને (રાખ્યાવાળાને) પાછાં અપાતવા માટે જે કાગળ લખી

આપે છે તેને હુંડી કહે છે. એમાં રાખ્યા વાળો જેને નામે અપાવે, તેને નામે મજકુર ઉપાડનાર લખી આપે છે.

આડત=હકશીઆમણ હુંડીઆમણ=હુંડી વિષેનો ખર્ચ સીકારી=સ્વિકારી=કબૂલ કરી. (સ્વીકાર+ઇ એ ભુતકૃદંતનો પ્રત્યય છે). જુમલે=એકંદરે. ગૃહસ્થ=માણુસ, નકરામણ=ના કરામણ સીકરામણ=સ્વિકરાવવા જતાં જે ખર્ચ લાગેલ તે. નીમે=અર્ધા. નામને આરંભે શા, અને નામની પછ-વાડે શાહ લખાય છે. જેમ પ્રેમચંદ કર્મચંદ શાહ.

---

૬ જોખમી હુંડી

શ્રી ૧

ૐ૦ાા૭૪ાાઃ સ્વસ્તિ શ્રી મુંબઈ બંદરે મહા શુભ સ્થાને, સર્વે શુભોપમા લાયક, પારેખ શ્રી ૫. અમીચંદ વીરચંદ જોગ શ્રી માંડવી બંદરથી લી. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચજો. જત અત્રે રાખ્યા શાહ પાસેથી, રૂ. ૫૦૦) અંકે પાંચસો પૂરા રોકડા લીધા છે. તે હુંડી જોખમી, ગજને હરિપસા, નાખવો નું એગ, ધણી ઠા. હરિદાસ દેવજીવાળો, પૂરત શ્રી માંડવી બંદરથી, રૂતની ગાંસડી ભરી હંકાર્યો છે; તે શ્રી મુંબઇ બંદરે સહી સલામત પહોંચ્યા પછી મુદ્દત દિન ૪ ચાર કેડે આપજો...નામે શાહ વેપારી જોગ આપજો. નિશાની એ જે કાગળ મધ્યે લખીશું. સંવત્ ૧૯૫૦ ના માહશુદ ૧૩ ને વાર રવેઉ. દા. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચજો.

નીમે રૂપિયા ૨૫૦) બેસો પચાસથી બમણા,
જુમલે રૂપિયા ૫૦૦) પાંચસો પૂરા કરી આપજો | ૫૦૦ |

હુંડી ૧ શ્રી મુંબઇ બંદરની છે.

ૐ।। પારેખ શ્રી ૫ અમીચંદ વીરચંદને પહોંચે.

સમજણ.

આપણે જે માલ પરદેશ ચડાવીએ, તે ઉપર વીમો ઉતરાવવો હોય, તો તે જોખમી હુંડીથી ઉતરે.—માલની કિમ્મતના પ્રમાણમાં, આપણા આડતિયા ઉપર આપણે, ઉપર મુજબ હુંડી લખીએ; પછી તે હુંડી બજારમાં જોખમ ઉતારનારાઓ પાસે લેઇ જઇએ, એટલે તેઓ તે નક્રો ખાઇ વેચાતી રાખે છે–માટે જોખમ ઉતારનારાઓ, રાખ્યા શાહ બને છે, અને આપણને રૂપિયા આપે છે.

જોખમદાર વિષે.

૧ સદરહુ માલ સહી સલામત પહોંચે ત્યારે તે તપાસી લેઇ, લખી મુદ્દતે આપણો આડતિયો જોખમદારને નાણાં આપે.

૨ જો માલ નાશ જાય તો જોખમદારને નાણાં ન મળે.

૩ જો માલ વમાય, તો આખા વહાણમાંથી જેટલો માલ ગમે તેનો વમાયો હોય, તે વમાએલ માલની વરાડ થયા મુજબ જે નુકસાની થાય; તેના ફાડે પડતા ટકા વાળી લેઇ બાકીનાં નાણાં જોખમદારને મળે.

અર્થ.–જોખમ=વીમો=નાશ થવાની ધાસ્તી. જોખમી=જોખમ ઉતરાવેલી, જોખમ ઉતારનારને પણ જોખમી કહે છે. ગંજો=વહાણ. હરિપસા=વહાણનું નામ છે. નાખવો=વહાણ હંકારનાર. વરાડ=ટીપ (જોખમમાં નુકશાનીની ટીપ. અને લ્હેણામાં નાદારની મિલકતની ટીપ.) પૂરત=પૂરતી=ભરતી. રૂત=રૂ. હંકાર્યો છે=રવાનો થયો છે. સહી સલામત=વગર જોખમે. આવંગ=એક જાતનો વીમો. નીત

બંદરે=નીમેલે બંદરે (ની=દોરવું+ત=ભૂતકૃદંતનો પ્રત્યય.) ભારા કાંઠો=પૂર્વ કિનારો. વાપર કાંઠો=પશ્ચિમ કિનારો. વિરધ=નફો. (સેંકડે ટકા.)

પેંઠ.

જો હુંડી ગેરવલે પડે તો પેંઠ લખાય છે.

શ્રી ૧ા

૦ા૦૭જાન સ્વસ્તિ શ્રી મુંબઇ બંદરે મહા શુભસ્થાને સર્વે શુભોપમા લાયક, પારેખ શ્રી ૫. અમીચંદ વીરચંદ જોગ શ્રી માંડવી બંદરેથી લી. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચજો. જત તમારા ઉપર હુંડી એક રૂ. ૫૦૦) અંકે પાંચસોની, અત્રેથી અમારી વતીના રાખ્યા શાહ પાસેથી, મુદ્દત દિન ૪ ચાર કેડેની, સંવત્ ૧૯૫૦ ના માહ શુદ ૧૩ ને વાર રવેઉની, નામે શાહ વેપારી જોગની લખી છે. તે રાખ્યા વાળા ધણી કહે છે જે,-હુંડી ગેરવલે પડી છે, માટે આ પેંઠ લખી આપી છે. જો હુંડી ગેરવલે પડી હોય તો આ પેંઠ સીકારી નાણું આપજો. અને જો હુંડી સીકારી નાણું આપ્યાં હોય, તો આ પેંઠ રદ છે, વાંચીને ફાડી નાંખજો. તમે તમારો આવરો, રોકડમેળ, નોંધ, ખાતાવહી, સર્વે જોઈ તપાસી ચોકસ કરીને આપજો. અમે તમને સનંદ બે થઇ, ને વાર એક મુજરે આપીશું. તે જાણજો. (મિતિ સંવત્ ૧૯૫૦ ના માહ વિદ૦)) બુધે. લી. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચજો.

નીમે રૂપિયા ૨૫૦) બેસો પચાસથી બમણા, જુમલે રૂપિયા ૫૦૦) પાંચસો પૂરા કરી આપજો. | ૫૦૦ |

પેંઠ ૧ શ્રી મુંબઇ બંદરની છે.

૰ાા પારેખ શ્રી ૫. અમીચંદ વીરચંદને પહોચે.

આગલી હુંડીમાં રાખ્યા શાહનું નામ છે, માટે ઉપર પણ રાખ્યા શા. અનોપચંદ ભાઇચંદ પાસેથી, એમ લખવું. જો રાખ્યાવાળાનું નામ ન હોય તો ઉપર પ્રમાણે લખવું.

સમજણ.

સરકારી રાજ્યમાં હુંડી ને પેંઠને મથાળે સ્ટાંપ ચોડી, તે ઉપર લી. નું નામ લખાય છે.—જો પેંઠ ગેરવલે પડે, તો પરપેંઠ લખાય છે; અને પરપેંઠ ગેરવલે પડે, તો કાગલ લખાય છે. પરંતુ વારંવાર એમ બનતું નથી; માટે પરપેંઠ અને કાગળ એ બેના નમુના અહિં લખેલ નથી; છતાં લખવા પડે, તો પેંઠપરથી વિચાર કરી લખવા. "જો" એ અક્ષર સંદેહ વાચક છે.

અર્થ—પેંઠ=હુંડી ખોવાતાં તે નાણું મળવાની બીજી ચીઠી રદ=નકામી. સનંદ=લખીત પરવાનગી. મુજરે=હિસાબે. આવરો, રોકડમેળ, નોંધ, ખાતાવહી, એ ચોપડાઓનાં નામ છે. તે વિષે આગળ શીખવામાં આવશે. ગેરવલે પડી છે= ખોવાઇ ગઇ છે.

સતમી.

સતમી એટલે એક અથવા જુદા જુદા વેપારિયોનો માલ વહાણની ભરતી પ્રમાણે ભરી, એક બંદરેથી બીજે બંદરે પહોંચાડી આપવા માટે, પોતાના આડતિયાપર દે-નાર લેનાર ઘણીવાર માલની ટીપ લખવામાં આવે છે તે.

શ્રી ૧.

૰ાા૭૪ાા૰ સ્વસ્તિ શ્રી મુંબઈ બંદરે મહા શુભ સ્થાને, સર્વે શુભોપમા લાયક, પારેખ શ્રી ૫. અમીચંદ

વીરચંદ જોગ શ્રી માંડવી બંદરેથી લી. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચશો.—જત બીજું લખવા કારણ એ છે જે, અત્રેથી વહાણ ઝવેરી, નાખવો જમાલ મૂસાણી,* ધણી ઠા. પ્રેમજી રાઘવજીવાળું, આ સફરને માટે એક માથે નૂરી લીધું છે. તે મધ્યે રૂતની ગાંસડી, નંગ ૯૦ નેવું, એક નૂર બાંધી ચઢાવી છે તેની સતમી.

૪૫ રૂત ગાંસડી ૪૫ પીશતાળીશ સોંપ્યા શા. હરભમ હરચંદ, હવાલે કરવી શા. પ્રેમજી દામજી— નિશાની શા. હ+હ—અંક ૧૦૧૧ વાળી.

૪૫ રૂત ગાંસડી ૪૫ પીશતાળીશ—સોંપ્યા શા. ખીમચંદ વીરચંદ—હવાલે કરવી ઠા. વાઘજી લધુને—નિશાની શા. ક+લ—અંક ૧૨૫૧ વાળી.

૯૦ એ પ્રમાણે માલ ચઢાવી વહાણ માહ શુદ ૧૩ ને રોજે અત્રેથી હંકાર્યું છે, તે વહાણ સહી સલામત પહોંચેથી સદરહુ માલ ધણી ધણીને હવાલે કરજો અને તેની પહોંચ લેઈ બીડજો.

સંવત્ ૧૯૫૦ ના માહ શુદ ૧૩ ને વાર રવેઊ. દા. શા. કસ્તૂરચંદ કપૂરચંદના જુહાર વાંચજો.

સમજણ.

૧ એક સફરને માટે, એક માથે કે બે માથે, જે વહાણ બાડવામાં આવે છે; તે વહાણ નૂરી અથવા ગોસો લીધું એમ કહેવાય છે. વહાણ ધણી પોતે હંકરાવે તો તે પણ નૂરી વહાણ પેઠે ગણાય.

૨ જે વહાણ આખી મોસમને માટે બાડે લેવાય છે, તે વહાણ કઠોડે બાંધ્યું એમ કહેવાય છે.

---

* જો વહાણ, ધણી પોતે હંકરાવે તો—ધણી તમારા ઘર મધ્યે એમ લખાય.

૩ જો માલ સ્ટીમર મધ્યે ચડાવેલ હોય, તો તે બદલ રસીદ મળે છે તે ઉતારનાર આડતિયા ઉપર બીડવી.

અર્થ:—કઠોડે બાંધ્યું=કાંઠે બાંધ્યું. મતલબ કે આખી મોસમ માટે કાંઠા ફરવાને બાંધ્યું :. નિશાની=એંધાણી, વેપારિયો પોતપોતાની નિશાનિયો જુદા જુદા અંકમાં કરે છે :. એક માથાનું ભાડું=રવાના થયાનુ ભાડું :. બે માથાનું ભાડું=જવા આવવાનું બેવડું ભાડું, મતલબ કે જેમાં જવું તેમાંજ આવવું :. ગાંસડી=ગાંઠડી :. સફર=ગોસ :. સ્ટીમર=આગબોટ :. નૂરી લીધું=ભાડે લીધું.

ભરતિયું.

(માલનું.)

ભરતિયું એટલે મોકલેલ માલપર બેઠેલ ખર્ચનો વિગતવાર આંકડો.

શ્રી ૧।.

૦ા।૭૪ાાક સ્વસ્તિ શ્રી માંડવી બંદરે મહાશુભસ્થાને, સર્વે શુભોપમા યોગ્ય, શા. શ્રી ૫ કસ્તુરચંદ કપૂરચંદ જોગ. શ્રી મુંબઈ બંદરેથી લી. પારેખ અમીચંદ વીરચંદના જુહાર વાંચશો.—જત અત્રેથી તમારીવતી કાપડની ગાંસડી એક, આજ રોજે સ્ટીમર મેલ મારફતે રવાને કરી છે, તેનું ભરતિયું નીચે પ્રમાણે ઉતારી મોકલ્યું છે.

૧૪૪ાાા કાપડની ગાંસડી એકના રૂ. ૧૪૪ાાા તે નીચેની વિગતે.

૬૫ નેનકલોથ દસ રતલું, ત્રણ આરવાળું, તાકા નંગ ૧૦ પ્રત રૂા. ૬ાા, વાર ૩૯, ઈંચ ૩૬, નંબર ૧૦૦૦

૪૫ જગંનાથી નેખારૂ, તાકા નંગ ૧૦, પ્રત રૂ. ૪ાા, વાર ૨૦, ઈંચ ૩૬, નંબર ૧૦૨૫

૪૦ ધોતી જોટા, નંગ ૨૦, પ્રત રૂા. ૨, વાર
૧૦, ઇંચ ૫૦, નંબર ૧૨૫

———

૧૫૦

૫ા વળતર સેંકડે ટકા ૩ાા લેખે, તેમાંથી બાદ.

———

૧૪૪ાા

૮ ખરાજાતના રૂા. ૮ તે નીચેની વિગતે.

૨ ગાંસડી બાંધવા માટે લીધેલ સામાન, કંતાન, લોઢાની પાટી, દોરી વગેરેના.

૧ ગાંસડી બંધામણી સંચા વગેરેની મજૂરી.

૦ા≈ ધર્માદા સેંકડે ટકા ૦ા લેખે.

૦ાાા≈ બંદરે લેઈ જવાનું ભાડું.

૩ આગબોટનું નૂર.

૦ાા હકસાઈ, સેંકડે ટકો ૦ાા લેખે.

———

૮

———

૧૫૨ાા

એણી રીતે ભરતિયું ઉતારી મોકલ્યું છે, તે પહોંચેથી માલ તપાસી લેઈ, અમારે ખાતે જમા કરી જવાબ લખજો, ભૂલચૂક વહેવારે લેવા દેવી. રસીદ આ સાથે બીડી છે.

મિતિ સં. ૧૯૫૦ ના માહ શુદ ૧૩ ને વાર રવેઉ. દા. પારેખ અમીચંદ વીરચંદના જુહાર વાંચજો.

સમજણ.

જો વહાણમાં માલ ચડાવેલ હોય, તો વહાણનું, નાખવાનું અને વહાણના ધણીનું નામ દર્શાવવું. તેમજ આ-

ગમોટ કે રેલવેમાં માલ ચડાવેલ હોય, તો તે પ્રમાણે નામ લખવાં.

અર્થ:—હકસાઈ=મહેનતની મજૂરી ∴ વહેવાર=આપ લે કરવાનો સંબંધ ∴ રસીટ=પહોંચ ∴ નેનકલોથ એ જાતનું થાય છે. ૧ નેખારૂ. ૨. પેણુ કોરૂં ∴ નેખારૂં, ધોએલું ને સરસ દેખાય છે.

બીજો ભાગ પૂર્ણ થયો.

ભાગ ૩ જો.

મુસલમાની પત્રો.

મથાળાં.

૧ વડીલ પંક્તિમાં, બાપ ઉપર કાગળ લખવાનું મથાળું.

શ્રી ૧।

શ્રી મુંબઇ મધ્યે, સદા કિબલે કોનેન, મ્હેરબાન, આલીશાન, બુલંદ મકાન, માવિત્ર મેમણ હાજી નૂરમહમદ હાજી અલારખ્યાની ઉમ્મરપાક પરવરદેગાર દરાઝ કરે; શ્રી કોડાયથી લી. આપના તાબેદાર, ખાકસાર પુત્ર અબ્દરહેમાન હાજી નૂરમહમદના દુવા સલામ કબુલ કરશો.

---

૨ ઉતરતી પંક્તિમાં, દીકરા ઉપર કાગળ લખવાનું મથાળું.

શ્રી ૧।

શ્રી કોડાય મધ્યે, સદા બરખુરદાર, નૂરેચશમ, રાહતેજાન, અબ્દરહેમાન હાજી નૂરમહમદની ઉમ્મરપાક પરવરદેગાર ધરાઝ કરે. શ્રી મુંબઈથી લી. માવિન હાજી નૂરમહમદ હાજી અલારખ્યાની ઘણી ઘણી દુવા વાંચશો.

---

૩ સમાન પંક્તિનું મથાળું

શ્રી ૧।

શ્રી મુંબઈ મધ્યે, રાદા સરફરાઝ, ઉમ્મરધરાઝ, નેકનામ, નેકીના કરનાર. અઝીઝલકદર અકલેઅકલ, બરાદરેમન, શેઠજી સાહેબ, મેમણ રહેમતુલ્લા સાલે મહમદની ઉમ્મરપાક પરવરદેગાર ધરાઝ કરે. શ્રી ભુજથી લી. આપના દોસ્ત જુણેજા અલીમહમદ નૂરમહમદના સલામ વાંચશો.

અર્થ—કિબલેકોનેન=(કિબલે=નમવાની જગો+કોનેન=બેજહાન)=આ લોક અને પરલોક એમ બે જહાનમાં નમવાની જગો :. આલીશાન=(આલા=મોટા+શાન)=મોટી પદવીની શાનવાળા, મોટામ રાખનાર :. બુલંદ મકાન=(બુલંદ=ઉંચા મકાન=હોદ્દા)=ઊંચા હોદ્દા ભોગવનાર, ઉપરી :. પાક=પવિત્ર :. પરવરદેગાર=પરમેશ્વર. (પરવર=પાલણ કરવું+દેગાર) :. ધરાઝ=મોટી .. ખાકસાર=ચર્ણરજ :. દુવા=આશિષ :. બરખુરદાર (બર=ફળ+ખુરદાર=ખાનાર)=ફળનો ખાનાર :. નૂરેચશમ=(નૂર=રોશની+ચશમ=આંખ)=આંખનીરોશની :. રાહતેજાન=(રાહત=આરામ+જાન=શરીર)=જાનનો આરામ, મતલબ કે જી-

ફગાનીનાં ઊંચાં ફળ ખાનાર, આંખોની રોશની, ને જાનનો આરામ ∴ સરફરાઝ=માનવંત (સર=માથું+ફરાઝ=ઊંચું) ∴ ઉમ્મર ધરાઝ=મોટી ઉમરવાળો ∴ નેકનામ=સારા નામવાળો નેકીના કરનાર=ભલાઈના કરનાર સારૂં કરનાર ∴ અઝીઝલકદર=વ્હાલો કદરદાર.(અઝીઝલ=વ્હાલો) અકીલે અકલ=મોટી અકલવાળો. (અકિલ=મોટો) બરાદરેમન=મ્હારાભાઈ.

ફારસી બે શબ્દવાળા સમાસમાં પહેલો શબ્દ એકારાંત હોય, ત્યારે બીજો તે પહેલો કરી છઠ્ઠી વિભક્તિ દઇ, પછી પહેલાને બીજો ફરી અર્થ કરવો. ફારસીમાં એ પ્રત્યય છઠ્ઠી વિભક્તિ ઠેકાણે વપરાય છે. જેમ નૂરેચશમ=આંખની રોશની અર્થ આગળ જુઓ.

---

૨ કાગળનો નમુનો.

સમાન પંક્તિનો.

શ્રી રા

૧ મથાળું. આ મુંબઈ મધ્યે, સદા સરફરાઝ, ઉમ્મરધરાઝ, નેકનામ, નેકીના કરનાર, અઝીઝલકદર, અકીલેઅકલ, બરાદરેમન, શેઠજી સાહેબ, મેમણ રહેમતુલ્લા સાલેમહમદની ઉમ્મરપાક પરવરદેગાર ધરાઝકરે. શ્રી ભૂજથી લી. આપના દોસ્ત જુણેજા અલીમહમદ નૂરમહમદના સલામ વાંચશો.

૨ દેવનું સ્મરણને પત્રની પહોંચ. જત અત્રે ખુદાતાલાની મ્હેરબાનીથી ખેરઆફિયત છે, તમારી ખેરખુબી હમેશ ચાહીએ છીએ. આપનો કાગળ એક આજરોજે આવ્યો, તે વાંચીને ઘણા ખુશ થયા છીએ. બાદ એજ રીતે લખતા રહેશો.

૩ વિગત. વિશેષ લખવા કારણ એ છે જેઃ—સ્ટીમર તાઇફ મુરીશ બંદરેથી હંકારી મુંબઇ આવતી હતી, તે રસ્તામાં લાસ ગઈ. મગર તેમાંનાં કેટલાંક છડીઆં મહા દરિયામાંથી અલ્લા તાલાની મ્હેરબાનીને લીધે બચ્યાં છે; સબબ બીજા વહાણે ઉપાડી લીધાં છે. તેથી ખલકના ખાવિંદના શુકર માનીએ છીએ, લેકિન તે છડીઆંમાંથી કોડાયનાં છડીઆં પણ ઉગર્યાં છે; તેમાંનો મિયાંજી સુલેમાન સાંયાં તમારી પાસે આવેલ હશે, તેમને તે વિષેની ગમગીનીની સઘળી હકીકત પુછીને તમે વાકેફ થયા હશો, માટે અમને તે સર્વ હકીકત લખશો.

બીજું વ્હોરા ગુલામહુસેન મહમદભાઇ આંકડાની હમેશ પૃચ્છા કરે. છે, તો તેના ખાતાનો આંકડો વળતી ટપાલે મોકલવાની તાકીદ કરશો. ભાઇ બરાદર સર્વેને અમારા સલામ કહેશો, આં-

૪ છેવટ- હિથી સર્વે ભાઇઓના સલામ વાંચશો. ભૂલ ચૂક

નો વિવેક માફ કરશો, હેત મ્હેરબાની રાખો છો તેથી વિશેષ રાખજો.

૫ મિતિ- ફાગણ શુદ ૧૧ શનિશર સંવત્ ૧૯૫૦ દા.

ને લખી જુણેજા અલીમહમદ નૂરમહમદના સલામ

તંગ. વાંચશો.

મુસલમાની તારીખ, માસ સાથે લખવાં હોય તો તે લખવાં.

અર્થ.=ખુદાતાલા=પરમેશ્વર (ખુદા×તાલા=મોટો.) ખેર આફિયત=સારા સમાચાર (ખેર=ભલાઇ×આફિયત=તન

દુરસ્તી=તન દુરસ્તીની ભલાઇ.) ખેર ખુબી=સારા સમાચાર. ગાસ ગઇ=નાશ પામી, ડૂબી ગઇ. મગર=સિવાય, (મ+અગર.) અલ્લા તાલા=પરમેશ્વર. ખલ્કના ખાવિંદ=ખાવિંદે ખલ્ક. શુકર=પરમેશ્વરનો પાડ. લેકિન=લયકિન=પણ. ગમગીની=દિલગીરી.

---

૩ કંકોત્રી.

શ્રી અંજાર મધ્યે, નેકનામ, કદરદાન, નેકીના કરનાર, ભાઇ જુસબ જાનમહમદની ઉમ્મરપાક પરવરદેગાર ધરાઝ કરે. જોગ શ્રી માંડવી બંદરથી લી. ભાઇ સતાર અબુબકરના સલામ વાંચશો. જત બીજું લખવા કારણ એ છે જે:-ભાઇ જકરીઆની શાદી, ફાગણ માસની તારીખ ૨૦ મીને વાર સુમારની છે, તે ઉપર આપ સાહેબ સાથ સર્વેને તેડી વહેલા પધારજો. તમો આવેથી રૂડું દીસશે, ફાગણ શુદ ૧૧ શનિશર સં. ૧૯૫૦

જો સુન્નતની કંકોત્રી હોય, તો.

ની શાદીને બદલે,—" ની સુન્નતનું પાણી, ફલાણા માસની ફલાણી તારીખ ને વારે; નાંખવાનું છે, તે ઉપર આપ સાહેબ—એમ લખવું.

મુસલમાની સાતવાર—સુમાર (પીરવાર) અંગારો. અરબા—ખમીશ (જુમારાત)-જુમો—શનિશર—અતવાર.

---

૪ મેલો.

વાંઢ મધ્યે ચાકી ખમીશા જાકબ જોગ, મુજપુરથી લી. લતીફ અલાનાના સલામ વાંચશો, જત અમારા બાવા અલાના, ફાગણુ માસની તારીખ ૧૦ મીને વાર જુમાની સવારના ૮ વાગે; તાવની બિમારીને લીધે, ખુદાની રહમતને પહોંચ્યા છે. જેમ ખુદાને ત્યાં મંજુર હોય તેમ થાય છે. ઇનશાનનું ધાર્યું કામ આવતું નથી, માટે ખુદાની દરગામાં શુકર ગુજારવા જોઇએ. ફાગણુ શુદ ૧૧ શનિશર સંવત્ ૧૯૫૦

ખુદાની રહમતને પહોંચ્યા છે, તેને બદલે " સફર કરી ગયા છે" એમ પણ લખે છે.

---

૫ કારજ અથવા દિયાળાની ચીઠ્ઠી.

વાંઢ મધ્યે ચાકી ખમીશા જાકબ જોગ, મુજપુરથી લી. લતીફ અલાનાના સલામ વાંચશો. જત અમારા બાવા અલાના ફાગણુ માસની ૧૦ મી તારીખે, ખુદાની રહમતને પહોંચ્યા છે; તેના અવસરનું કારજ ફાગણુ માસની ૨૭ મી તારીખ ને વાર ખમીશનું છે. તે ઉપર આવજો. ફાગણુ વદ ૫ ને સુમારવાર સં. ૧૯૫૦

મુઆ પછી ચાર દિવસે ખથમું થાય, ને ૪૦ દિવસે ચાળિયો થાય. સગાં વહાલાંને ખથમામાં, અથવા બીજી અમુક તારીખે કારજ થાય, ત્યારે બોલાવાય છે. મુસલમાન લોકો એક સાંજથી, તે બીજી સાંજ સુધીના વખતને એક દિવસ ગણે છે. દિવસ આથમે ત્યારે નવો દિવસ બેઠો ગણે છે.

હિંદુ લોકો એક સવારથી તે બીજી સવાર સુધીના વખતને એક દિવસ ગણે છે. દિવસ ઉગે ત્યારે નવો દિવસ બેઠો ગણે છે. તેમાં પણ કેટલાક ઉગતી તિથિ ગણે છે, અને કેટલાક બેસતી તિથિ ગણે છે, ઉગતી તિથિ એટલે સૂરજ ઉગે તે, બેસતી તિથિ એટલે જે વખતે તિથિ બેસે તે, ક્યારેક બાર વાગે તિથિ બેસે છે, અને ક્યારેક ચાર વાગે બેસે છે, એમ બેસવાનો વખત અનિયમિત છે.

અંગ્રેજ લોકો એક રાતના બાર વાગ્યાથી, તે બીજી રાતના બાર વાગ્યા સુધીના વખતને એક દિવસ ગણે છે.

કેટલેક ઠેકાણે પૂનમિયા મહિના ગણાય છે, મતલબ કે પૂનમે મહિનો પૂરો થયો એમ ગણે છે.

ગુજરાત અને ઉત્તર હિન્દુસ્તાનમાં કાર્ત્તિકની શરૂઆતથી નવું વર્ષ ગણે છે, કચ્છ તથા હાલાર વગેરેમાં આષાઢની શરૂઆતથી નવું વર્ષ ગણે છે, એ સંવત્ વર્ષ કહેવાય છે; તેમ દક્ષિણમાં ચૈત્રની શરૂઆતથી નવું વર્ષ ગણે છે, તે શક વર્ષ કહેવાય છે.

બીજા અર્થ.

કાબેલ=હોશિયાર. કુરનસ=નમસ્કાર. દુવા=આશિષ. સલામ=નમસ્કાર. ઈનશાન=માણુસ. બલ્કે=પણ. અગર=કે, બીજું. દીગર=બીજું. અસબાબ=સર સામાન. લા=વગર, ના. દાના-ડાહ્યા. જનાબમાં=સેવામાં, હુજૂરમાં. અકમ=મોટા, મોટી સખાવત કરનાર, કર્મનો કરનાર. ફીદવી=તાબેદાર, કુરબાન. ખુદાવન્દ=ખાવિંદ=સાહેબ, શાહ. દોઝખ=નર્ક મુરબ્બી=મોટા દરગામાં=જનાબમાં. નેક નામદાર=સારા નેકના નામવાળા. કદરદાન=(કદર=ઇઝત+દાન=રાખવાની જગ્યા)=ઈઝત રાખવાની જગ્યા, મતલબ કે કદર જાણુનાર, કદરની જેને જાણ છે એવા.

અનામત=રોકડ નાણાની થાપણ.

અમાનત=રાખેલી જણુસમાં કંઇપણ વધારો, ઘટાડો કર્યા વગરની જે થાપણ વસ્તુ તે.

ના, ન,=ફારસી ઉપસર્ગ છે; તેને બદલે સંસ્કૃતમાં અન ઉપસર્ગ છે; તેનો અર્થ નહિ થાય છે. ગુજરાતીમાં ના, ન, નકાર બતાવનાર ક્રિ. વિ. અવ્યય છે. અંગ્રેજીમાં પણ અન ઉપસર્ગ છે તેનો અર્થ ના થાય છે.

ફારસીમાં યા=અથવા. સંસ્કૃતમાં વા=અથવા.

ફારસીમાં મંદ પ્રત્યય છે, તેનો અર્થવાળા થાય છે, જેમકે અકલમંદ=અકલવાળા સંસ્કૃતમાં મંદ ઉપસર્ગ છે, તેનો અર્થ ઓછું થાય છે, જેમકે મંદ બુદ્ધિવાળો=ઓછી બુદ્ધિવાળો સંસ્કૃતમાં મંત=વાળા, જેમકે શ્રીમંત=લક્ષ્મી-વાળા; તેમજ વંત=વાળા, જેમકે ધનવંત=ધનવાળા.

ત્રીજો ભાગ પુર્ણ થયો.

ભાગ ૪ થો.

લોકલ અરજીઓ.

૧ વિદ્યાર્થીની અરજ.

આજમ મ્હેરબાન રા. રા. વિઠ્ઠલજીભાઇ કેશવજીભા-ઇ, દ્વિવેદી, બી. એ. એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સા-હેબ બહાદુર પ્રાંત કચ્છનાની હુઝૂરે.

મુ. ભૂજનગર.

સલામ—દીગર, કોડાય સ્કૂલના છઠ્ઠા ધોરણના વિ-

ધાર્થિ કેશવજી હીરજીની અરજ એ છે જે, અહિંની સ્કુ-
લના આસિસ્ટંટ વેલજી રતનસી મુંબઇ જઇ વેપારે વળ-
ગનાર છે; તેથી તેમણે પોતાની જગોનું રાજીનામું આપેલ
છે, તો સદરહુ જગો મને મળવા માટેનો અંદોબસ્ત કૃપા-
ળુપણે કરાવશો.

હું છઠું ધોરણ પૂરૂં કરી રહેવા આવ્યો છું એટલે તે
અભ્યાસમાં ખામી આવે તેમ નથી, તોપણ ખાનગી વ-
ખતમાં હમેશ અભ્યાસ કરતો રહીશ; આશા છે કે આ
વર્ષની પરીક્ષામાં પણ પાસ થઇશ, એટલુંજ નહિ પણ
મને સોંપાએલું કામ અંતઃકરણ પૂર્વક ખંતથી કરીશ.

હું જાતે વીસો ઓસવાળ વાણિયો છું, અને ઉમ્મર
વર્ષ બારની છે. ભણી રહ્યા પછી નાની નાની નોકરીઓ
શોધવાને નીકળવું, એવો બોધ અમારા પૂજ્ય મહેતાજી
મોતીરામનો નથી; પરંતુ મ્હારી ન્હાની ઉમ્મર છે તે અ-
રસ્સામાં, વેપાર સંબંધી કેટલીક કળાઓ શિખવાનું બાકી
રહ્યું છે, તે મહેતાજીના સહવાસમાં રહી શિખીશ.

અમારી સ્કૂલમાં ઘણા વિદ્યાર્થિઓ છઠ્ઠા ધોરણમાં
પાસ થઇ, એજ નોકરીએ રહી, સદરહુ મહેતાજીના સહ-
વાસે બહારનું જ્ઞાન મેળવી, વેપારે વળગેલ છે અને વળ-
ગે છે. તેવીજ રીતે મ્હારૂં પણ ભલું થાય, અને કામનો
અનુભવ મળે; તેટલા સારૂ આ અરજ ગુજારેલ છે, તે
સ્વિકારશો એવી આશા છે. એજ વિનતિ.

તા. ૫—૬—૯૪ લી. આજ્ઞાંકિત વિદ્યાર્થી
જેઠ શુદ ૨ ભોમે. કેશવજી હીરજી શાહ.
સં. ૧૯૫૦ વિદ્યાર્થી કોડાય સ્કૂલ. કચ્છ.

સલામ સાથે રવાના, શા. કોડાય સ્કૂલના મહેતાજી પાસેથી થઇને.

આસિસ્ટંટ=મદદગાર. રાજીનામું=ખુશીથી નોકરી છોડવાનો રિપોર્ટ. અંતઃકરણ પૂર્વક=ખરા દિલથી. ખંતથી=હોંસથી. બોધ=શિખામણ. પરંતુ=મગરૂ પણ. કળા=યુક્તિ. સહવાસ=પરીચય. અનુભવ=(અનુ=પાછળ+ભૂ=હોવું) કોઇ કામ કર્યા પાછળ તેનું જ્ઞાન થાય તે. ગુજારેલ=કરેલ (સાદા કાગળપર લખાય.)

૨ નીમેલ તારીખે અદાલતમાં હાજર ન થવાય તેવું હોય, ત્યારે મ્હેતલ માગી શકાય તે વિષે.

ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, નોધારાધાર, ધર્મધુરંધર, અખંડ પ્રૌઢ પ્રતાપ, શ્રીમન્ મહારાજાધિરાજ, મીરજહાન્, મહારાઓ શ્રી ૧૦૭ ખેંગારજી સવાઈ બહાદુર કે. જી.સી.આઈ. ઈ.................વિ.

નામદાર અદાલત.

દાવા નંબર સં. ૧૯

અ. બ. રહેનાર ____________ વાદી.

ક. ડ રહેનાર ____________ પ્રતિવાદી.

દાવો.

બાબત.

હું અ. બ. વાદી અરજ કરૂં છું, કે આ કામે ચાલતા માસની શુદ ૧૩ શુક્રેને રોજે હાજર થવા; મને આપ નામદાર કોર્ટ તરફથી સમન આવેલ છે, પરંતુ સદરહુ મુદ્દતે મારા ભત્રીજાના લગ્ન હોવાથી નીમાએલી મુદ્દતે હાજર થઈ શકાય તેમ નથી, માટે મ્હેરબાની કરી રોજ દશની મુદત અપાવશો. એજ વિનતિ.

મિતિ. ____________

સહી ____________ ____________

જો પ્રતિવાદીએ તેવી અરજ કરવી હોય, તો તેણે પોતાનું નામ લખવું; અને સાક્ષીને અરજ કરવી હોય, તો તેણે પોતાનું નામ તેમજ ગામ લખવું. બિમારીનું કે તેવું બીજું કાંઇ કારણ હોય તો તે જણાવવું. કેટલાક કોર્ટના અધિકારીનુંજ મથાળું લખી પછી વિગત લખે છે.

(સાદા કાગળપર)

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજહાન્ મહારાઓશ્રી૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી.આઇ.ઇ.

નામદાર શ્રી અંજાર સ્મોલકોઝ કોર્ટમાં.

ઠા. અ. બ.	અંજારના	વાદી
સોની ક. ડ.	અંજારના	પ્રતિવાદી.

દાવો.

કોરી ૫૫ મલવા બાબત.

સદરહુ પ્રતિવાદી અરજ કરૂં છું કે ઊપર દરશાવેલા કામની તારીખ આજ રોજની છે. ને આ કામનો સમન મને ગઇ કાલે દિવસના સાડા પાંચ બજે મળ્યો છે એ વિષે મારી નીચે પ્રમાણે અરજ છે.

મજકુર દાવો ઘણી લાંબી મુદતનો વાદી કહે છે. હું તેથી તદન અણવાકેફ છું-વાદી મારી પાસે માગે છે એમ હું જાણતો નથી એટલું જ નહિ પણ હું હરસની બિમારીથી ખાટલે પડયો છું મારાથી બિલકુલ બેશી શકાતું નથી એટલે આજ રોજે હું કોર્ટમાં હાજર થઇ જવાબ દઈ શકું તેમ નથી વાસ્તે અરજ સાથે.

માગણી કે.

મારી આ પહેલી અરજ ઉપર મહેર કરી આ કામ બીજી તારીખમાં રખાવવા કૃપા કરશો એજ અરજ.

મિતિ.

સોની ક. ડ. ની સહી દા. પોતાના.

(સાદા કાગળપર)

૩ ચોરીની ફર્યાદ.

સદા મ્હેરબાન રા. (આ ઠેકાણે તાલુકાનું નામ લખવું.) ફોજદાર સાહેબની જનાબમાં.

મુ.

સલામ–દીગર, ગામ શ્રી ના રહેનાર ની વિનતિ એ છે જે, ગઈ કાલે મ્હારી દુકાનમાંથી કોઇ હરામખોર નીચે પ્રમાણે માલ ચોરી લેઈ ગએલ છે.

કિમ્મત કોરી.	માલનું નામ.
૫૦	કોરી ૫૦ પચાસ. ૧૫ રોકડી કોરી. ૩૫ કોરીના છૂટા.
૫૦	હેમની વીંટી ૧, ગદી. ૧ા ની પ્રત કોરી ૪૦
૬ાા	રૂપાના બટન નંગ ૭ સાત, ગદી ૪ાા ના, પ્રત કોરી ૧ાા
૧૦	રાતી છીંટનો ફેંટો નંગ ૧ એક, કોરી૧૦ દસનો
૧૧૬ાાા	એટલું પેટીનું તાળું ભાગી લેઈ ગએલ છે.
	તથા
૧૧	મિઠાઈ મણ ાા અર્ધ, પેંડા જલેબી વગેરે પ્રત કોરી ૨૨.
૬	સાકર શેર ૧૮ અઢાર, પ્રત કોરી ૧૬.
૧૩૩ાાા	

એ રીતે કુલ માલ કોરી ૧૩૩।।। એકસોને પોણી ચોત્રીસનો, હાટના બારણાનું તાળું ભાગી; હરામખોર અંદર પેસી, લેઇ ગએલ છે, સવારમાં દુકાને આવતાં મ્હારા જાણવામાં એ આવ્યું, કે તેજ વખતે પોલીશ પટેલને જાહેર કર્યું. પટેલે પગીને બોલાવી પગેરાની શોધ કરવા માંડી, પણ ચોર પકડાએલ નથી; માટે મ્હેરબાની કરી, આપ માલનો અને ચોરનો પતો લગાડશો. એજ વિનતિ.

મિતિ

સહી.

મુસાફરી કરતાં રસ્તામાં માણસો લૂંટાય છે, તથા ધર્મશાળાઓમાં રાત્રે ઢાળો કરતાં લૂંટાય છે; તેવે વખતે સાવચેતી રાખવાની જરૂર છે, કારણ કે ઘણી વખતે ચોર લોકો પ્રથમ ભાળી જાય છે. અને પછી લૂંટે છે. પગી લોકો ચોરો સાથે ભળેલ હોય, એવા દાખલા પણ કયારેકજણાય, અજાણ્યા ડોલીઆ માણસોને ફળિયામાં આવવા દેતાં વિચાર કરવો. ચોર લોકો છાપરામાં બાકું પાડી કે ભીંતને ફાડીને પણ ઘરમાં પેસે છે. ઉપરનો નમુનો કલ્પિત નોવેલ છે.

(સાદા કાગળપર)

૪ વેષ ધારૂ નાગા બાવાની કનડગત વિષે.

કૃપાસિંધુ રા. (આ ઠેકાણે તાલુકાનું નામ લખવું.)
માજીસ્ટ્રેટ સાહેબની જનાબમાં.

મુ.

નમ્રતા સાથે ગામશ્રી .... ના વસ્તીની અરજ એ છે જે,—આ ગામની ભાગોળે, નાગા બાવાની જમાત જેવા વેષ ધારણ કરીને કેટલાક જણ પડેલા છે. તેઓ અમારી પાસેથી સીધું સામાન તથા રોકડી કોરી વગેરેની નીચે પ્રમાણે માગણી કરે છે.

૧૨૫ રોકડી કોરી એકસો પચીસ.
૬૦ સીધું કોરી સાઠનું.
ઉપરાંત.

ચારો, દૂધ, સરપણ, તમાકુ, ગાંજો, અફીણ
વગેરેની માગણી કરે છે.

અમે અમારા ગજા પ્રમાણે, અભ્યાગત જાણી, એ લોકોને એક ટંકને માટે ખાવા સારૂ સીધું સામાન તથા ચારો વગેરે આપવાનું અને પાંગળા જેવાઓ માટે ગાડું બેગારે આપવાનું કહ્યું; પણ—એટલાથી તેઓ સંતોષ પામતા નથી, અને કનડગત કરે છે.

ગામનાં નવાણોમાંથી વસ્તીને પાણી ભરવા દેતા નથી, નદીએ નહાવા ધોવા દેતા નથી; ચારો બળતણ વગેરે જ્યાંથી દેખે છે, ત્યાંથી ઉપાડી જાય છે. તેમને મનાઈ કરતાં તેઓ દંડા લગાડે છે, અને ગામમાં મરજાદ મૂકી નાગા ફર્યા કરે છે.

આ તેમની વિચિત્ર રીતિનો તુરત બંદોબસ્ત કરાવવા કૃપા કરશો. એજ વિનતિ.

મિતિ.

સહીઓ.

રમતા બાવા અને ફકીરો કોઈ વખત જીદ કરી બેસે, અને સમજાવ્યા સમજે નહિ; તથા ત્રાગું વગેરે કરવાની કોશીષ કરે, ત્યારે તેમને માટે તુરત બંદોબસ્ત કરાવવો. જુગારી લોકો જુગાર રમતા હોય, રંડીબાજો મર્યાદ છોડી દેતા હોય, લફંગાઓ બિભત્સ ગાયનો કરી બીજાઓનાં મન દુભાવતા હોય, તેવાઓ માટે પણ બંદોબસ્ત કરાવવો, ઉપરનો નમુનો કલ્પિત નોવેલ છે.

(સાદા કાગળપર.)

૫ બેગાર બાબત.

આજમ મહેરબાન રા. (આ ઠેકાણે તાલુકાનું નામ લખવું.) વહીવટદાર સાહેબની જનાબમાં.

મુ.

નમ્રતા સાથે ગામ શ્રી—ના ખેડૂતોની વિનતિ એ છે જે,—અમારા ગામમાં પચીસ બળદની જોડ છે, અને ગામની જમીન તેના પ્રમાણમાં ઘણી છે, એટલે ખેડના કામમાં બળદોને નવરાશ મળતી નથી; છતાં અમારાપર ગાડાંની બેગાર નિરંતર પડયા કરે છે. તેમાં હમણા તો બહુજ પડી છે, જેથી કરીને અમને નીચે પ્રમાણે નુકસાની થાય છે.

૧ બેગારના વારાનો નિયમ નથી, કેટલાકને બીજાઓ કરતાં વધારે વખત બેગારે જવું પડે છે.

૨ ગામની વસ્તીપર ગામ ઝાંપા ખર્ચના જે ફાળા પડે છે, તેમાંથી અમને મુકત કરવામાં આવતા નથી.

૩ અમારાં ખેતરવાડીઓ, અમે પૂરતી રીતે ખેડી શકતા નથી. છતે બળદે ઉપરની અડચણને લીધે બીજા ગામોના ખેડુતોને પૈસા આપી, અમારી જમીન ખેડાવવી પડે છે.

તો સદરહુ બાબતની અડચણો દૂર થવાને, નીચે પ્રમાણે બંદોબસ્ત કરાવવા કૃપા કરશો.

૧ સરખી રીતે વારા પ્રમાણે બેગારે જવું પડે. તેની નોંધ પટેલ પાસે રખાવશો.

૨ ગામ ઝાંપા ખર્ચના જે ફાળા વસ્તીપર પડે, તેમાંથી અમને મુક્ત કરાવશો; અને જો મુકત ન થઇ શકાવાય, તો બેગારે જતાં ગામ ધારા મુજબ જેટલી નુકસાની અમને ભોગવવી પડે, તેના પૈસા ગામ ઝાંપેથી અપાવશો.

૭ ખેંગારમાં જેમ બને તેમ ઘટાડો થાય, તેવી પેરવી કરાવશો. એજ વિનતિ.

મિતિ.

સહીઓ.

ફળફળાદિ વેચતાં તેનું દાણુ આપતાં છતાં, તાલાટી કે ઇજારદાર તે વસ્તુમાંથી અમુક ભાગ મફત ઊપાડવા ચાહે; તો તે ઊપાડી શકે નહિ, કારણ કે તેવા લાગાઓની કિમ્મત વહીમાં જમા આપતા નથી. જો કાયદો બંધાયો હોય તો ઊપાડી શકે. ઉપરનો નમુનો કલ્પિત નોંધેલ છે.

(સાદા કાગળપર.)

---

૬ રહેણાક માટે નવી જમીનની માગણી.

ગરીબ પરવર સલામત, નોધારાધાર, ધર્મ ધુરંધર, અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ, મીરજાહાન્ મહારાઓશ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી. આઈ. ઈ... ... ... વિ.

મહેરબાન રાવ બહાદુર દિવાનજી સાહેબની સેવામાં.

મુ. ભુજનગર.

વિનય સહિત તાલુકે—ગામ—ની વસ્તીની વિનતિ એ છે જે,-આ ગામમાં વસ્તીનો વધારો, રહેણાકની જગ્યાઓના પ્રમાણમાં,-ઘણો થયો છે; તેથી સંકડાણને લીધે દુઃખ વેઠવું પડે છે. તે દૂર થવા માટે જોઈતાં નવાં મકાનોની બાંધણી કરી શકીએ, તેટલી જમીન વેચાણમાં ચડાખડીની રીતે અગર બીજી રીતિએ મહેરબાની કરી અપાવશો.

નવાં મકાનો માટે ગામની ચારે બાજુએ લેતા, જે ફળિયાના લોકોને જે તરફ અનુકૂળ પડે, તેમને ત્યાં જ-

મીન અપાવશો; કારણ પડોશની જમીન જેટલી અનુકૂળ પડે છે, તેટલી છેટેની પડતી નથી. છેટે રહેવાથી ઘરના તથા શેરીના સંબંધીઓનો ઘડી ઘડીનો સહવાસ તૂટી જઇ વિરકતપણું ચોંટે છે.

વળી ગામની ચોમેર રમવાને, હવા ખાવાને, તથા ફરવાને માટે જેટલું ખુલ્લું મેદાન જોઇએ, તેટલું રખાવવાની કૃપા કરશો. એજ વિનતિ.

મિતિ.

સહીઓ.

ઉપરના નમુનામાં માગણીની વિગત કલ્પિત છે.

(સાદા કાગળપર)

---

૭ નોટીસ.

હું આ નીચે સહી કરનાર (મોકલનારનું નામ) રહેવાશી (ગામનું નામ) નો, તે (જવાબદારના ગામનું નામ) ગામવાસી (જવાબદારનું નામ) ને, આથી ખબર આપું છું કે; તમારી પાસે અમારી કોરી ૨૦૦) બસો અંગાઉ લ્હેણી છે, તેનું વ્યાજ તમે બે વર્ષ થયાં ભરતા નથી, તેમ કોરીઓ પણ ચૂકાવી જતા નથી: આ બાબત આગળ પણ તમને ઘણી ઘણી રીતે કહેલું છે, છતાં દાદ આપતા નથી, તો હવે આ પત્ર પહોંચ્યા પછી આઠ રોજની અંદર તમારે અમારી વ્યાજ સુદ્ધાં સઘળી લ્હેણી કોરીઓ આપી જવી; નહિ તો કુદરતવોતે ફર્યાદ કરવામાં આવશે, તેમ કરતાં દાવા ફી વગેરે જે જે ખર્ચ થશે,

તેના જોખમદાર તમે છો. એવી આ નોટીસથી તમને ચેતવણી આપવામાં આવે છે

મિતિ.

સહી.

પછી તે નોટીસ પોસ્ટ ઓફીસમાં રજીષ્ટર કરાવી મોકલવી. જો તે રાખે અને સરચે તો ઠીક, નહિતર ઇલાજ લેવો. કદાચ એ રજીષ્ટર કાગળ ન રાખે, અને પાછો વાળે, તો તે આપણે ફોડવો નહિ; કોર્ટમાં અકબંધ રજુ કરવો, એટલે ત્યાં ફોડાય તે વજનદાર ગણાય.

(સાદા કાગળપર)

---

૮ ખત રજીષ્ટર કરાવવાની અરજી.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજાહાનૂ મહારાઓ શ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી. આઇ. ઇ. ચિ.

શ્રી અંજાર રજીષ્ટ્રાર ઓફીસમાં.

ઠા. અ. ડ. ઉમર વર્ષ ૨૫ ધંધો—વેપાર—રહેવાશી——અંજાર.	ધનીક
૧ સોની ક. દ. ઉમ્મર વર્ષ ૩૦—ધંધો સોનીનો—રહેવાશી—અંજાર. ૨ સોની ખ. ચ. સગીર હોતાં તેની વાલી માતાજી લ. વ. ઉમ્મર વર્ષ ૪૫—ધંધો ઘર કામનો—રહેવાશી અંજાર.	મતાદાર

બાબત.

ખત ૧ કોરી ૪૦૦૦) નો રજીષ્ટર થવા.

અમો ઉભય પક્ષકારની અરજ કરવાની એ જે આ

સાથે ખત ૧ સંવત્ ૧૯૫૭ ના જેઠ શુદ ૧ ની મિતિનો જગ્યા અધારનો રજીષ્ટર થવા આણું આપીએ છીએ એ રીતસર રજીષ્ટર કરી અપાવશો

ધનીકને ઠા. પ ફ. ઓળખે છે
મતાદારને શા. મ. બ. ઓળખે છે
એ રીતે ઓળખે છે.

બીજા શ્રાવણ વદ ૧૩ ભોમે સંવત્ ૧૯૫૭

ધનીકની સહી	મતાદારની સહી
૧ ઠા. અ. ડ. ની સહી દા. પોતાના.	૧ સોની ક. દ. ની સહી દા. પોતાના
ધનીકને ઓળખનારની સહી પ્રતિજ્ઞા સહીત.	૨ સોની ખ. ચ. સગીર હોતાં તેની વાલી માતાજી લ. વ. ની સહી દા. શા. મ. બ.
૧ ઠા. પ. ફ. ની સહી હું પ્રતિજ્ઞા સાથે લખું છું જે હું ધનીકને ઓળખું છું દા. પોતાના	મતાદારને ઓળખનારની સહી પ્રતિજ્ઞા સહીત.
	૧ શા. મ. બ. ની સહી હું પ્રતિજ્ઞા સાથે લખું છું જે હું મતાદાર બંનેને ઓળખું છું દા. પોતાના.

આ અરજી સાથે ખત અદાલતમાં રજુ કરવો. આ અરજી સાદા (સ્ટામ્પ વગરના) પાનામાં લખવી. ખત લખાયાની મિતિથી ચાર માસની હદ સુધીમાં તે રજીષ્ટર થઇ શકે માટે એ મુદતની અંદર ર. કરાવવો.

૯ સ્મો. કો. દાવા અરજી.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજહાનૂ મહારાઓ શ્રી૧૦૭ ખેંગારજી સવાઈ બહાદુર કે.જી.સી. આઇ.ઇ.

નામદાર શ્રી અંજાર સ્મોલ કોઝ કોર્ટમાં.

ઠા. અ. બ. ઉમર વર્ષ ૪૦ ધંધો ઈશ્વર ભજનનો અંજારના	વાદી.
સોની ક. ડ. ઉમર વર્ષ ૩૮ ધંધો. સોની કામનો અંજારના	પ્રતિવાદી.

દાવો.

કોરી ૫૫ મળવાનો.

વાદીની નમ્રતા સાથે અરજ કે પ્રતિવાદીએ મારી સાથે લેતી દેતી કરતાં તેની પાસે બાકી કોરી ૨૭ાા લહેણી રહે છે. લાંબી મુદ્દતનું એ લહેણું છે. તેની વેપારી સિરસ્તે વ્યાજની રકમ બદલ ડબલ કોરી ૫૫ આપવા પ્રતિવાદીને કહેતાં આપતો નથી, માટે કૃપા કરી કોરી ૫૫ ખર્ચ સહીત પ્રતિવાદી પાસેથી અપાવશો. ખાતાની નકલ સં. ૧૯૩૭ ની સાલની આ સાથે રજુ છે.

દાવાનું કારણ ગયા માસમાં આ કોર્ટની હદમાં બન્યુંછે.

દાવાની વિગત.

મુદ્દલ ૨૭ાા

વ્યાજ ૨૭ાા

વસુલ ૦

બાકી ૫૫

દાવા ફી બદલ સ્ટામ્પ કોરી ૪ા (૦ા+૪) નો રજુછે.

હું વાદી પ્રતિજ્ઞા કરૂં છું કે ઉપરની હકીકત મારા જાણવા તથા માનવા પ્રમાણે ખરી છે. એજ અરજ.

મિતિ વૈશાખ શુદ ૪ સોમે સં. ૧૯૫૭ ઠા. અ. બ. ની સહી દ. પોતાના.

૧૦ દિ. કો. માં દાવા અરજી.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજહાન્ મહારાઓ શ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી. આઇ. ઈ. વિ.

નામદાર શ્રી અંજાર દિવાની કોર્ટમાં.

ઠા. અ. બ. ઉમ્મર વર્ષ ૪૦ ધંધો ઇશ્વર ભજનનો અંજારના	વાદી.
સોની ક. ડ. ઉમ્મર વર્ષ ૩૮ ધંધો સોની કામનો અંજારના	પ્રતિવાદી.

દાવો.

કોરી ૫૯૦) મળવાનો.

અગર તે પેટે માંડેલી જગ્યા સોંપવા બાબત.

વાદીની નમ્રતા સાથે અરજ કે પ્રતિવાદીએ મારી પાસેથી પોતાની જગ્યાપર ખતની રૂએ કોરી ૪૦૦) અંકે ચારસો સં. ૧૯૪૮ ના આષાઢ શુદ ૨ ને રોજે ૦॥ ટકાના વ્યાજે વ્યાજુકી લીધેલ છે. તેમાં લેવી દેતી કરતાં તેની પાસે બાકી કોરી ૫૯૦) લહેણી રહે છે તે આપવા પ્રતિવાદીને કહેતાં કહેવરાવતાં આપતો નથી માટે કૃપા કરી કોરી ૫૯૦ ખર્ચ સહીત પ્રતિવાદી પાસેથી અપાવશો.

અગર ખતના કરાર મુજબ નીચે લખી ચતુર દિશાવાળી જગ્યા વહંતર મારા કબજામાં સોંપાવશો.

ઊત્તરે સોનીનું ફળિયું છે—દક્ષિણે રાજમાર્ગ છે.

પૂર્વે રાજ માર્ગ છે—પશ્ચિમે ઠા. રામજી લાલજીની વખાર છે.

ખાતાની નકલ સં. ૧૯૪૮ ની સાલથી આજ સુધીની આ સાથે રજુ છે.

દાવાનું કારણ ગયા માસમાં આ કોર્ટની હદમાં બન્યું છે.

દાવાની વિગત.

મુદ્દલ	૪૦૦
વ્યાજ	૨૪૮
વસુલ	૫૮
બાકી	૫૯૦

દાવા ફીટ બદલ સ્ટેમ્પ કોરી ૪૪। નો રજુ છે.

હું વાદી એકરાર કરૂંછું કે ઉપરની હકીકત મારા જાણવા તથા માનવા પ્રમાણે ખરી છે. એજ અરજ.

મિતિ આષાઢ શુદ ૩ સં. ૧૯૫૮ ઠા. બ. અ. ની સહી દા. પોતાના.

ચાલુ ખાતાની ફર્યાદ હોય તો ઊધારની પારની રકમોનો સર્વાળો તે મુદ્દલ—વ્યાજમાં શુન્ય—વસુલમાં જમેપારની રકમોનો સર્વાળો અને જે બાકી તે બાકીમાં—લાંબી મુદતનું વગર વ્યાજુ જૂનું ખાતું હોય તો ડબલ રકમ વ્યાજ શીખે ગણાય.

૧૧ વ. કો. માં અપીલ અરજી.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજાહાન્ મહા-

રાઓ શ્રી ૧૦૭–ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી. આઇ. ઇ. વિ.

નામદાર શ્રી ભુજ વરીષ્ટ કોર્ટમાં.

શા. અ. બ. ઉમ્મર વર્ષ ૪૫ ધંધો વ્યાજ વટાનો મુંદ્રાના } મૂળપ્રતિવાદી. અપેલેન્ટ.

શા. ક. ડ. ઉમ્મર વર્ષ ૫૦ ધંધો વેપાર ભુજપુરના } મૂળ વાદી. રીસપોન્ડેન્ટ

દાવો.

કોરી ૨૪૭૦) નો નીચલી કોર્ટે સાબીત કર્યો છે. તે રદ થવા બાબત.

હું અપેલેન્ટ રા. મુંદ્રા અદાલતના ન્યાયાધીશે કરેલા ઠરાવથી નારાજ થઈ નીચેના કારણસર થએલો ફેંસલો રદ થવા અરજ કરૂં છું ફેંસલાની નકલ આ સાથે રજુ છે.

(આ ઠેકાણે કારણો જે હોય તે વિગતથી લખવાં.)

દાવા ફી બદલ સ્ટેમ્પ કોરી ૧૭૬ નો રજુ છે.

હું અપેલેન્ટ એકરાર કરૂં છું કે ઉપરની હકીકત મારા જાણવા તથા માનવા પ્રમાણે ખરી છે.

કાત્તિક શુદ ૧૨ સંવત્ ૧૯૫૮
શા. અ. બ. ની સહી. દા. પોતાના.
મૂળ દાવા પ્રમાણે ફી લાગે.

---

૧૨ હુ કો. માં અપીલ અરજી.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજહાનૂ મહારાઓશ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી. આઇ. ઇ. વિ.

નામદાર શ્રી હુઝૂર કોર્ટમાં.

શા. અ; બ. ઉમ્મર વર્ષ ૪૫ ધંધો વ્યાજ વટાનો મુંદ્રાના } મૂળ પ્રતિવાદી અપેલેન્ટ.

શો. ક. ડ. ઉમ્મર વર્ષ ૫૦ ધંધો વેપા- } મુળ વાદી
૨ ભુજપુરના } રીસ્પોન્ડેન્ટ

દાવો.

કોરી ૨૪૭૦ નો નીચલી કોર્ટે સાબીત કર્યો છે.
તે રદ થવા બાબત.

હું અપેલેન્ટ રા. રા. વરીષ્ટ કોર્ટના ન્યાયાધીશે કરેલા ઠરાવથી નારાજ થઇ નીચેના કારણુસર થએલો ફેંસલો રદ થવા અરજ કરૂં છું. ફેંસલાની નકલ આ સાથે સામેલ છે.
(આ ઠેકાણે કારણો જે હોય તે વિગતથી લખવાં.)
દાવા ફી બદલ સ્ટેમ્પ કોરી ૧) નો રજુ છે,

હું અપેલેન્ટ એકરાર કરૂં છુ કે ઉપરની હકીકત મારા જાણુવા તથા માનવા પ્રમાણે ખરી છે.

માહ શુદ ૧૫ સં. ૧૯૪૮

શા. અ. બ. ની સહી દા. પોતાના.

તેનો તેજ અપેલેન્ટ હોય તો સ્ટેમ્પ ફી કોરી ૧ ઉધડ

---

૧૩ પૂરાવાની દરખાસ્તનો રીપોર્ટ

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજહાન્ મહારાઓ શ્રી ૧૦૭ ખેંગારજી સવાઈ બહાદુર કે. જી. સી. આઇ. ઈ. વિ.

નામદાર શ્રી અંજાર દિવાની કોર્ટમાં.

ઠા. અ. બ. રહેવાશી અંજારના—વાદી.
સોની ક. ડ. રહેવાશી અંજારના—પ્રતિવાદી.

દાવો.

કોરી ૫૯૯) મળવાનો.

હું વાદી અરજ કરૂં છું કે આ કામે પ્રતિવાદીએ

દાવાનો જવાબ રજુ કરવાપરથી—કોર્ટે ઇસ્યુ મુકરર કરી—પૂરાવો આપવા, આ કામ આજની તારીખે રાખેલું છે, જેથી નીચે મુજબ પૂરાવો રજુ કરૂં છું.

ખત એક પ્રતિવાદીનાં મતાનું.

સદરહુ ખત લખનાર શા; ઇ. ફ.

સાક્ષી કરનાર નીચે મુજબ બે ગ્રહસ્થો.

૧ સોની ક. ખ.

૨ ઠા. ચ. જ.

મિતિ આષાઢ શુદ ૧૫ સંવત્ ૧૯૫૮.

શા. અ. બ. ની સહી દા. પોતાના.

---

૧૪ સમન ખર્ચનો રીપોર્ટ.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢપ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજહાન્ મહારાઓશ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી. આઈ. ઇ. વિ.

નામદાર શ્રી અંજાર દિવાની કોર્ટમાં.

ઠા. અ. બ. રહેવાશી અંજારના—વાદી.

સોની ક. ડ. રહેવાશી અંજારના—પ્રતિવાદી.

દાવો.

કોરી ૫૯૦) મળવાનો.

હું વાદી અરજ કરૂં છું કે મેં પ્રતિવાદીપર આ કોર્ટમાં સદરહુ દાવાની ફર્યાદ કરી છે. અને પ્રતિવાદીને બોલાવવા સારૂ સમન ખર્ચે બદલ સ્ટેમ્પ કોરી ના રજુ છે તેથી પ્રતિવાદીને મહેરબાનીથી સમન કરાવશો.

મિતિ આષાઢ શુદિ ૩ સં. ૧૯૫૮

ઠા. અ. બ. ની સહી દા. પોતાના.

ફી વિષે.

કોરી ૧ થી ૩૦૦ સુધી સેંકડે ટકા ૮

કોરી ૩૦૦થી ઉપર ને ૩૦૦૦ સુધી સેંકડે ટકા ૭ કોરી ૩૦૦૦થી ઉપર ને ૧૫૦૦૦સુધી સેંકડે ટકા ૬ વગેરે ૪૦૦૦ કોરીની પર્યાદ હોય તો તે ઉપર ટકા નીચે પ્રમાણે.

૨૪ ત્રણસોની ફી.	હિસાબ એ પ્રમાણે ગણાય.
૧૮૯ સતાવીસોની ફી.	
૬૦ એક હજારની	

૨૭૩ કુલ ફી.

સમન ખર્ચ

કોરી ૧૦૦ સુધી ૦ાા કોરી; કોરી ૧૦૦ થી ૫૦૦ સુધી ૧ કોરી; કોરી ૫૦૦થી ૧૦૦૦ સુધી ૨ કોરી કોરી; ૧૦૦૦ થી ૧૫૦૦ સુધી ૩ કોરી વગેરે.

૧૫ પંચ નામું.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરઝાંન્ મહારાઓશ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે. જી. સી. આઇ. ઇ. નિ.

નામદાર શ્રી અંજાર દિવાની કોર્ટમાં.

ઠા. અ. બ. રહેવાશી—અંજારના—વાદી.

સોની ક. ડ. રહેવાશી—અંજારના—પ્રતિવાદી.

દાવો.

કોરી ૫૯૦) મળવાનો.

અમે બને પક્ષકાર અરજ કરીએ છીએ કે સદરહુ કામ

આ કોર્ટમાં ચાલે છે, તેનો નિકાલ આણવા માટે અમે અને પક્ષકારોએ રાજી ખુશીથી નીચે લખ્યા ગૃહસ્થોને પંચ નીમ્યા છે, તેઓ મજકુર કામે જે ઠેરાવી આપશે તે અમારે કબુલ મંજુર છે.

૧ ઠા. મ. લ.	૧ ખોજા. શ. લ.
૧ શા. પ. દ.	૧ મેમણ. આ. જ.

મિતિ. આસો વદ ૪ સંવત ૧૯૫૮

ઠા. અ. બ. ની સહી દા. પોતાના

સોની ક. ડ. ની સહી દા. પોતાના સાક્ષી.

૧ જોશી ચ મ.ની સાક્ષી દા. પોતાના

૧ ઠા. શ. અ.ની સાક્ષી દા. પોતાના.

જો વાદી પ્રતિવાદી પોતપોતામાં ઘર મેળે સરજ્યા હોય તો રાજીનામું આપે છે.

---

૨૬ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ફોજદારી અરજી.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મી-

રજહાન્ મહારાઓશ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર. કે. જી. સી. આઇ. ઈ.......વિ.

નામદાર શ્રીખંજાર ફોજદારી કોર્ટમાં.

ફરિયાદી સંબંધી					તહોમતદારો સંબંધી					ગુન્હા સંબંધી			પૂરાવા સમ્બન્ધી
નંબર.	નામ	ઉમ્મર	ધંધો.	ગામ	નંબર.	નામ.	ઉમ્મર	ધંધો.	ગામ	ગુન્હો બન્યાની તારીખ અને ઠેકાણું	ગુન્હાની તપસીલ	કયા કાયદાની કઈ કલમ	સાક્ષીદારનાં નામ
૧	શ્રી ૬ અછ દર બાર જાહેર કરનાર વહોર મ. ષ.	૨૫	વહોરા	અંજાર	૧	મેમણુ અ. ૨.	૨૦	મેમણુ	અંજાર	ફાગણ શુદ ૧૫ સં.૧૯૫૮ અંજારની મોચી બજારમાં	મારપીટ કરવાતથા ભુંડીગાળો દેવાબાબત	કચ્છકાયદાની કલમ ૮૧ તથા ૨૦૩મુજબ	૧ વહોરા ત. લ. અંજારના. ૨ શા. મા. વે. અંજારના. ૩ સોની મ. રા. તુણાના. ૪ મે. નૂ. અબડાસાના હાલે ભુજમાં.

વિશેષ હકીકત.

સદરહુ જાહેર કરનાર અરજ કરૂં છું, કે સદરહુ તહોમતદાર પાસે મારી લહેણી કોરીઓ છે તેની ઉઘરાણી કરતાં તહોમતદારે મને ગાળો ભાંડી તથા ધુંબા માર્યા માટે ઉપર લખ્યા સાક્ષીઓથી તપાસ કરાવી તહોમતદારને કાયદેસર શિક્ષા કરાવશો.

હું જાહેર કરનાર પ્રતિજ્ઞા કરૂંછું કે આ અરજીમાં લખી હકીકત મારા જાણવા તથા માનવા પ્રમાણે બરાબર છે.

ફાગણ વદ ૨ સં. ૧૯૫૮

વહોરા મ. ઇ. ની સહી દા. પોતાના.

ઉપરની હકીકત આગલા ફાર્મની પીઠે લખવી.

જો સુલેહનો ભંગ થાય એવું હોય, અગર ઘણો માર પડયો હોય, તો રા. ફોજદાર સાહેબને લખીત રીપોર્ટ આપવો. એટલે યોગ્ય થશે.

ઘણા માર માટે રીપોર્ટમાં રા. ફો. સા. સેરો કરી, રા. ડાકટર સાહેબ ઉપર મોકલાવશે અને ત્યાંથી સર્ટિફિકેટ મળશે.

સર્ટિફિકેટમાં રૂઝ કેટલે દિવસે વળશે એવું લખાય છે, તે પરથી વ્યથા કે મહા વ્યથા સિદ્ધ થાય છે. ૨૦ દિ. ઉપરાંતની રૂઝ હોય તો મહા વ્યથા, અને તેનાથી ઓછા દિવસની રૂઝ વ્યથા ગણાય છે.

ફોજદારી ફર્યાદમાં બને પક્ષકાર પોતપોતામાં સંતોષ પામ્યા હોય તો રાજીનામું આપે છે. અને તે રીપોર્ટથી.

૧૭ છૂટક મુખત્યાર નામું.

ગરીબ પરવર સલામત નોધારાધાર ધર્મ ધુરંધર અખંડ પ્રૌઢપ્રતાપ શ્રીમન્ મહારાજાધિરાજ મીરજહાન્ મહારાઓ શ્રી ૧૦૭ ખેંગારજી સવાઇ બહાદુર કે જી. સી. આઇ. ઈ....વિ. નામદાર શ્રી અંજાર દિવાની કોર્ટમાં.

ઠા. અ. બ. ઉમ્મર વર્ષ ૩૦ ધંધો વેપારનો..............અંજારના } વાદી.

સોની ક. ડ. ઉમ્મર વર્ષ ૩૮ ધંધો સોની કામનો...........અંજારના } પ્રતિવાદી.

દાવો.

કોરી ૫૯૦ મળવાનો.

હું પ્રતિવાદી અરજ કરૂં છું. કે આ કામ ચલાવવાને મારા તરફથી અંજારના વકીલ શા. ઈ. ફ. ને નીમ્યા છે, તે આ કામ ચલાવતાં જે કાંઇ કરશે તે મારે કબૂલ મંજુર છે. મિતિ આષાઢ શુદ ૩ સં ૧૯૫૮

સોની ક. ડ. ની સહી	૧ શા. મ. ન. ની સાખ
દા. પોતાના.	દા. પોતાના.
મંજુર.	૧ મે. ચ ર. ની સાખ
શા. ઈ. ફ. અંજાર	દા. પોતાના.

ચૂટક મુખત્યાર નામાનું બીજું નામ વકાલતનામું તેપર સ્ટેમ્પ ૫૦૦ કોરી સુધીના દાવાપર કોરી ૦।—૫૦૦થી ૫૦૦૦ સુધીનાપર કોરી ૦॥–તે ઉપરાંત કોરી એકનું સ્ટેમ્પ

૧૮ મુખત્યારનામું જનરલ.

કચ્છ અંજારના રહેવાશી દા અ. બ. આ લખત ઉ-પરથી વ્યાસ જે વિ. રહેવાશી કચ્છ અંજારવાળાને પાવર આપું છું જે; તે મારે સારૂ, મારા નામથી, તથા મારી તરફથી; કચ્છની કોઇપણ કોર્ટમાંની, કોઇ પણ ફરિયાદીમાં, વા અપીલમાં, અથવા સ્પેસિયલ અપીલમાં, કે બીજા ઇનસાફના કામમાં હાજર રહેવા સારૂ, અથવા ફરિયાદી કરવા સારૂ, અગર જવાબ દેવા સારૂ, તથા સર્વે કાગળો લેવા સારૂ; જેમ હું હાજર હોત, ત્યારે એવાં સર્વે કામમાં જે કાંઇ કરવાને મને પરવાનગી હોત, અથવા ફરમાવ્યું હોત; તેવાં સર્વે કામ કરવા સારૂ, મારો ખરો, તથા કાયદા પ્રમાણે મુખત્યાર પસંદ કર્યો છે, તથા નીમ્યો છે, તે મારે કબૂલ મંજુર છે. મિતિ આષાઢ શુદ ૩ સં. ૧૯૫૮

દા. અ. બ. ની સહી	૧ શા મ. ન. ની સાખ
દા. પોતાના.	દા. પોતાના.
———	૧ મે. ચ. ર. ની સાખ.
મંજુર.	દા. પોતાના.

વ્યાસ જે. વિ. અંજાર.

એક કોરીવાળા કાગળ ઉપર લખાય, તેની નકલ રજુ કરવામાં, વકાલતનામાં પ્રમાણે સ્ટેમ્પ.

———————

શુદ્ધિ પત્ર.

ડિકટેશન દોષમાં ભુલ છે, તેને બદલે શુદ્ધ શબ્દ તે.

આજ્ઞાંકિત–અંકિત–વિધાર્થી–મનસૂબો–સંવત–દંડવત્ બેતાનૂ–નમુના–પૂજ્ય–મૂળચંદ–ટૂંકાણુ–છૂટી–રીપૂલાય–ખૂણા હજુર—+ +

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૪	નાહ	નહિ
૩	૧૫	વાંચક	વાચક
૪	૩	પધારવ	પધારવા
૫	૯	રામાનદી	રામાનંદી
૭	૧૦	ખુશીલીનાં	ખુશાલીના
૧૧	૧	આશિવાદ	આશિર્વાદ
૧૪	૧૨	કરાં	કરી
૧૫	૧૩	શાંભાયમાન	શોભાયમાન
૧૮	૧૧	ધણીતું	ધણીનું
૧૮	૨૦	ज्ञाति	रीति
૧૯	૨	વચનનું પ્રત્યય	વચનનો પ્રત્યય
૨૧	૧૩	સુમારે	અમારે
૨૩	૯	મુંબાઇના	મુંબઇના
૨૩	૧૪	વિઠ્ઠલભાઇ	વિઠ્ઠલજીભાઇ
૨૩	૨૪	પ્રોઢ	પ્રૌઢ
૨૩	૨૫	મહારાજાઓ	મહારાઓ
૨૩	૨૬	બહાદુરજી	બહાદુર જી.
૨૪	૨૦	અથ	અર્થે
૨૪	૨૭	આધાર	આધાર
૨૫	૯	પોષ્ટ	પોસ્ટ
૨૬	૯	વેલુપેએબલ	વેલ્યુપેએબલ

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૦	૧	જનોમાં	જૈનોમાં
૩૧	૮	થાસ્ને	સ્થાને
૩૫	૬	તેજ વખત	એ શબ્દ કહાડી નાંખો
૩૫	૮	પાંકે	પાકે
૩૬	૯–૧૦	આયો	આડત્યો
૪૦	૯	બંદરેથી	બંદરેથી
૪૫	૫	નેખારૂં	નેખારૂ
૪૬	૧	પક્તિમાં	પંક્તિમાં
૫૮	૪	સરપણુ	સરપણા
૬૦	૫	તાલાટી	તલાટી
૬૬	૧૨	શીટ	શી
૬૬	૧૫	બ. અ.	અ. બ.
૬૬	૧૭	ઉધારની	ઉધાર
૬૯	૨૧	બાલાવવા	બોલાવવા
૭૨	૪	ખંજાર	અંજાર
૭૨		વહોર	વહોરા